શ્રી વલ્લભપ્રભુનું ધ્યાન

◆

શ્રી મુખ બોલ્યા શ્રીહરિ

❁ શ્રી વલ્લભ પાદ પદ્મ મિલિન્દ ❁

: પ્રકાશક :
શ્રી વલ્લભી મંડળ
સિહોર
: પ્રાપ્તિ સ્થાન :
શ્રીપુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, સિહોર - ૩૬૪૨૪૦
(જી. ભાવનગર) - સૌરાષ્ટ્ર

પ્રત : ૧૦૦૦ (આવૃતિ બીજી)
ન્યોછાવર : ૧૨/-

પ્રિન્ટીંગ
રાજકોટ જીલ્લા સહકારી પ્રેસ

ટાઇપસેટીંગ અને ડીઝાઈન
'અલ્કાવલી'
૧, અમરનાથ પ્લોટ,
મહિલા કોલેજની પાછળ,
રાજકોટ. ફોન નં : ૨૨૨૬૭૭

અનુક્રમણિકા

(૧) શ્રી વલ્લભ પ્રભુ નું દ્યાન ૧

(૨) શ્રી મુખ બોલ્યા શ્રી હરિ ૨૭

॥ શ્રી વલ્લભપ્રભુનું ધ્યાન ॥

(જપ સમયે મનન યોગ્ય)

વિવેચન

હે શ્રી વલ્લભપ્રભો ! આપ સર્વ લીલા સમાન આકૃતિવાળા છો, સર્વ અલૌકિક લીલારસ ભોગવવામાં આશ્રયરૂપ છો. (શ્રી સ્વામિનીજી શ્રી ઠાકુરજી એમ અનંત યુગલોમાં આપશ્રી મહાપ્રભુજી સુધારૂપે, સાક્ષિરૂપે, યજ્ઞભોકતા યજ્ઞકર્તારૂપે બિરાજમાન છે. યજ્ઞકર્તા સ્વરૂપે અનંત યુગલોમાં રસભાવોને પ્રકટ કરી, રસલીલાનો ભોગ યુગલ સ્વરૂપમાં સિદ્ધ કરે છે. અને આ રસલીલાના સાક્ષિરૂપથી ભોકતા પણ આપ જ છે. એટલે યુગલોમાં લીલારસ ભોગ આપશ્રી મહાપ્રભુજીના આશ્રયથી જ સિદ્ધ થાય છે.)

શ્રીકૃષ્ણચન્દ્રના મુખારવિંદ સ્વરૂપ છો. વ્રજસ્ત્રીઓના હૃદયમાં ગૂઢભાવ (દિવ્ય પ્રેમભાવ) રૂપે બિરાજનારા છો. પુષ્ટિમાર્ગ (કૃપા-સ્નેહમાર્ગ) ના આપ પ્રકાશક છો. રાસસ્ત્રીના હૃદયમાં સ્થાયી ભાવાત્મક વિપ્રયોગાગ્નિ સ્વરૂપ છો. શ્રીકૃષ્ણના પણ આંતર કૃષ્ણરૂપ છો. સર્વ લીલાના આશ્રયરૂપ છો. સર્વ લીલા રસથી આપ ભરપુર છો. જેમના હૃદયમાં શ્રી કૃષ્ણ લીલાનો અમૃત સાગર ભરેલો રહે છે.

("સ્ફૂર્જદ્દૂ રાસાદિ લીલામૃતજલધિ ભરાક્રાંત સર્વોપિ શશ્વત" વલ્લભાષ્ટકમાં કહ્યા મુજબ) અનંત યુગલોના રાસાદિલીલા અમૃતના અનંત સમુદ્રો આપશ્રી મહાપ્રભુજીના હૃદયમાં ભરેલા રહે છે.)

આપ સ્વયં આનંદરસથી પુષ્ટ ભરેલા છો. અમારા નાથ છો. એવા હે શ્રી વલ્લભપ્રભુ અમારા હૃદયમાં આપ સ્થાયી બિરાજો. આપ અમારા હૃદયમાં પધારીને સાક્ષાત ભકિતનો સંબંધ કરાવો છો. અર્થાત પ્રેમલક્ષણા ભકિતનું દાન કરી 'સ્વતંત્ર ભકિત' માં સ્વકીયોનો પ્રવેશ કરાવો છો. સેવા ફલમાં કહેલા જે પ્રતિબંધો તેને આપ દૂર કરો છો. (કાલના પ્રભાવથી સેવા આધિદૈવિક બનતી નથી અને તેથી માનસી સેવા સિદ્ધ થતી નથી. ઉદવેગ-ભોગ પ્રતિબંધ આ ત્રણે માનસી સેવાની સિદ્ધિમાં અવરોધ કરનારા છે. આ પ્રતિબંધોને ભસ્મ કરવા અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભાગ્નિ વિના કોઇ સમર્થ નથી. શ્રી હરિરાયપ્રભુ એક પદમાં આજ્ઞા કરે છે -

જનમ જનમકે કોટિક પાતક છિનહી માંજ દહે । જોપે શ્રીવલ્લભ ચરણ ગહે ।। અનેક જન્મોના પાપ સમૂહને અગ્નિ સ્વરૂપનો સ્પર્શ થતાં જ ભસ્મ કરે છે એવું આપના નામનું સામર્થ્ય છે.) કૃષ્ણાધરામૃતા સ્વાદ કરાવવાનું ઉત્તમ ફળ આપો છો, એ ફળ આપવું એ તો આપશ્રીનો સ્વભાવ જ છે.

(દુર્લભમાં પણ અતિ દુર્લભ એવા કૃષ્ણાધરામૃતા સ્વાદનું ફળ આપવું એવો આપશ્રી મહાપ્રભુજીનો સહજ સ્વભાવ હોવા છતાં શરણસ્થ જીવ આ અદેયતમ ફલથી વંચીત કેમ રહે છે? આવો પ્રશ્ન થાય તેના જવાબમાં શ્રીમદ્ વલ્લભપ્રભુનો અનન્ય આશ્રય જેણે કર્યો છે તેવા પતિવ્રત ભાવી સ્વકીયજનને આ ફળ પ્રાપ્ત થાય છે, અન્યને નહીં.

(૧) જાચુ જાય કોનકે ઘરપે શ્રી વલ્લભસે પાય ધની।
(૨) શ્રી વલ્લભ તજ અપનો ઠાકુર કહો કોનપે જૈયે હો।
(૩) હોં જન રંક તિહારો શ્રી મહાપ્રભુ ઔર કાહુકો નાહી।
(૪) ભૂલ જીન જાય મન અનત મેરો।

ઉપર મુજબ મહાનુભાવોએ એકાંકી-અનન્ય આશ્રય શ્રી મહાપ્રભુજીના ચરણ કમલમાં જ જતાવ્યો છે, તેવા આશ્રિતોને આ ફલ પ્રાપ્ત થાય છે. આપશ્રીનું ભૂતલ પ્રાગટય આવા સ્વકીયજનને આ અતિ દુર્લભ ફલનું દાન કરવા માટેજ થયું છે, તેથી તેને જ ફલ પ્રાપ્ત થાય છે.)

દૈવી નિઃસાધન જનોનો ઉદ્ધાર કરવા આપ ભૂતલમાં પધાર્યા છો. પોતાના-સ્વકીયજનના ઉધ્ધારમાં સદૈવ તત્પર છો. અમારા ભાગ્યના નિધિરૂપ છો. પોતાના દૈવી જીવોના સ્વપક્ષનું પોષણ કરો છો. અપાર કરૂણાસિન્ધુ છો. શ્રુતિઓના સંદેહને હરનારા છો.

મહા ઉદાર ચરિત્રવાળા છો.અનવતાર દશાના આપ ભગવાન છો. (અવતાર દશામાં પ્રભુ બહાર પ્રગટ થયેલા હોય છે. અને અનવતાર દશા એટલે પ્રભુ ભૂતલમાં પ્રગટ થયા ન હોય ત્યારે ભકતની આત્મા રૂપે તેના હૃદયમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી બિરાજી પોતાના ભાવાત્મક સ્વરૂપમાં નિરોધ કરાવનારા સેવા-સ્મરણ-ગુણગાન ધ્યાન વિગેરે અલૌકિક ભાવોની પ્રેરણા કરે છે. આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ શ્રીવલ્લભનું છે તેથી આપને અનવતાર દશાના ભગવાન કહ્યા. બહાર પ્રગટ અવતાર સ્વરૂપ કહેવાય છે. અને આત્મારૂપથી ભકતના હૃદયમાં વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપથી બિરાજે છે તેને અનવતાર દશાનું સ્વરૂપ કહેવાય છે. આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં નિરોધ સિદ્ધ થતાં અગણિતાનંદનો અનુભવ કરાવે છે.)

આપશ્રી સદાનંદ-સર્વેશ્વર સર્વાત્મા છે. અને સર્વાન્તર આત્મારૂપે વિદ્યમાન બિરાજો છો. શ્રીકૃષ્ણ વિષે પ્રેમનું દાન કરનારા છો. આપ સ્નેહ અને તેથી થતા વિયોગાગ્નિનું-મૂર્તિમાન સ્વરૂપ છો. અર્થાત મધુર તાપાત્મક સુધા સ્વરૂપ છો. સ્નેહનો-વિપ્રયોગનો અલૌકિક લીલાઓનો અનુભવ કરાવવાની તીજોરીની કૂંચી પ્રભુએ આપને આપેલી છે. (જુઓ પાંડુરંગ ભકત અને શ્રી વિઠ્ઠલનાથજી નો પ્રસંગ) માટે દાન કરવું કે ન

કરવું એ આપના હસ્તમાં છે.

યજ્ઞભોકતા યજ્ઞકર્તા એવા આપના નામનો જપ કરવાથી ભકિત-સ્નેહમાર્ગમાં આવતા વિઘ્નોનો નાશ થાય છે. એવો આપના નામનો પ્રભાવ છે.

("વિનિયોગો ભકિતયોગ પ્રતિબંધ વિનાશને". શ્રી સર્વોતમજીના છઠ્ઠા શ્લોકમાં કહ્યા મુજબ અગણિત આનંદ જેમાં રહેલો છે, અને અગણિત આનંદનો જે અનુભવ કરાવે છે તેવા સ્વયંના વિપ્રયોગ-ભાવાત્મક સ્વરૂપના સાક્ષાત અનુભવમાં જેટલા પ્રતિબંધો છે તેનો વિશેષે કરીને-સમૂલ નાશ કરે છે. એવા આપશ્રીના નામનો પ્રભાવ છે.)

શ્રીવલ્લભ શ્રીવલ્લભ વિના ધ્યાન મુખ ગાય ।
સ્વેચ્છાએ તેના હૃદે શીઘ્ર આવે વ્રજરાય ।।
(પુષ્ટિ પથ રહસ્ય)

શ્રીવલ્લભ નામના સ્મરણ કરનારના હૃદયમાં શ્રીઠાકુરજીનું ધ્યાન કર્યા વિના સ્વઇચ્છાથી શ્રીઠાકુરજી પધારે છે. આવો શ્રીવલ્લભ નામનો પ્રભાવ જાણીને નામને ફલરૂપે જપવું જોઇએ. શ્રી યમુનાજીના પદમાં કહ્યું છે કે 'ફલ ફલીત હોય ફલરૂપ જાને'. એટલે નામ અને સેવા આદિ ફલ રૂપ જાણી કરે ત્યારે જ ફલે છે. જ્યારે આપણે એમ માનીયે કે નામ ફલરૂપ જ છે, હવે મારે કંઇ મેળવવાનું નથી પણ

શ્રીવલ્લભ નામ જ શ્રીવલ્લભનું નામાત્મક સ્વરૂપ છે જે સ્વરૂપે આપ ભૂતલમાં બિરાજે છે અને દર્શન આપે છે એ જ સ્વરૂપનું સ્મરણ-ધ્યાન કરવાથી પોતે મારો અધિકાર પ્રાપ્ત થયે આધિદૈવીકના સાક્ષાત દર્શન કરાવશે. આપના આ જ સ્વરૂપમાં સ્વામિનીભાવ અને પુરૂષોતમભાવ તથા સાક્ષિ સ્વરૂપ પણ છે જ. ત્રણે આ સ્વરૂપમાં જ રહેલા છે. રાત્રિ દિવસ દીનતા-વિરહ નિઃસાધનતા સાથે આપનું નામ લીધા જ કરવું. અષ્ટાક્ષર, પંચાક્ષર, શ્રી સુબોધિનીજી, શોડષ ગ્રંથો, વ્રજલીલા, નિકુંજલીલા બધુય મારે આ શ્રી વલ્લભ નામમાં જ છે.

અષ્ટાક્ષર પંચાક્ષર સ ભાગવત ગ્રંથ સહિત ।
શ્રી વલ્લભના નામ માં જો છે પૂર્ણ પ્રતિત ।।
વ્રજ સંબંધી સહુ વસ્તુ સહ કૃષ્ણ રાધિકારાણી ।
શ્રી વલ્લભના નામમાં સહુ આવ્યું વર વાણી ।।
શ્રીજી શ્રી સ્વામિની સહ લલિતાદિ સહુ રૂપ ।
શ્રીમહાપ્રભુજીમાં સમજવું શ્રી મહાપ્રભુ તદ્રુપ ।।
(પુષ્ટિ પથ રહસ્ય)

-સબનતે શ્રીવલ્લભ નામ ભલો ।
યાહીમેં ગોકુલ યાહીમેં વૃન્દાવન,
યાહીમેં વ્રજમંડલો ।। ૧ ।।

યાહીમેં ગોવર્ધન રાસાદિલીલા,
યાહીમેં શ્રીયમુના આનંદ કંદલો ।
'રસિક પ્રીતમ' શ્રીવલ્લભ ત્યજકે,
વૃથા ઇત ઉત ન ચલો ॥ ૨ ॥

(નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો જેરે જાયે તે ઝાંખી પામે હો જીરે । દયારામભાઇના આ કથન મુજબ આપશ્રી વલ્લભના નામમાં જ વિશ્વાસ થતાં આપશ્રી વલ્લભ પોતાના નામમાંથી જ ભાવાત્મક સ્વરૂપથી પ્રગટ થઈ ને લીલા ધામની સમસ્ત લીલાઓનો અનુભવ કરાવે છે.

"ભોરભયો ભાવસો લે શ્રીવલ્લભ નામ." આ પદમાં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે-"હરિ વશ છિનહી મેં હોત સ્ફુરત સગરો ભકિત - મારગ રૂપ હૃદય વસે અરૂ રસ સમૂહ ધામ."

'રસ સમૂહ ધામ' એટલે લીલા ધામ સહીત શ્રીવલ્લભ પોતાના નામનું સ્મરણ કરનારના હૃદયમાં બિરાજે છે. જેમ બીજમાં વૃક્ષ સુક્ષ્મ રૂપે ગુપ્ત રહેલું છે અને તેને જલનું સિંચન થતા અંકુરીત થઇ વૃક્ષરૂપ ધારણ કરી લે છે તેમ શ્રીવલ્લભ નામરૂપી બીજમાં લીલાધામરૂપ શૃંગાર કલ્પદ્રુમ સુક્ષ્મ ભાવાત્મક પ્રકારે રહેલું છે તે શ્રીવલ્લભ નામના સ્મરણ રૂપી જલનું સિંચન થતા હૃદયમાં પ્રગટ થઇ જાય છે. આથી દયારામભાઇ કહે છે કે-

નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો
જેરે જાયે તે ઝાંખી પામે હો જીરે ।
ભૂલ્યા ભમે તે બીજા સદન માં શોધે
હરિ ના મળે એકો ઠામે હો જીરે ।।

આપશ્રીના નામમાં જ નિશ્ચય થતાં ઉપર કહ્યા મુજબ અનુભવ થાય છે. અને નિશ્ચય વિના જીવન પુરૂ થાય છતાં કંઇજ મેળવી શકાતું નથી.

"આયે તે કછુક લેનકો ગયો ગાંઠકો ખોય"

આવી દશા થાય છે.

પ્રશ્ન : પુષ્ટિ માર્ગમાં જીવ શરણે આવ્યા છતાં પણ દૈવીજીવ નિશ્ચય કેમ કરી શકતો નથી ?

ઉત્તર : આસુર ભાવના રહી આવતા આવેશથી નિશ્ચય થઇ શકતો નથી.

પ્રશ્ન : આસુર ભાવોનો આવેશ રહેવાનું શું કારણ?

ઉત્તર : માર્ગ મર્યાદા પ્રમાણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર તનુ-વિત્તજા સેવાથી પ્રભુને ભોગ ધરીને પ્રભુના અધરામૃતથી દેહનો નિવાર્હ નહીં થવાથી આસુર ભાવોનો આવેશ નિવૃત થઇ શકતો નથી અને તેથી નામ જેવા અલ્પ શ્રમવાળા સુગમ સાધનમાં પણ નિષ્ઠા

સહિત નિશ્ચય થતો નથી. 'સેવા ફલ' ગ્રંથમાં આપશ્રીએ આજ્ઞા કરી માનસી સેવામાં ત્રણ બાધકો છે. ઉદવેગ, ભોગ, પ્રતિબંધ આ ત્રણમાં ભોગ મધ્યસ્થ છે. એટલે અસમર્પિત ભોગ (ખાન-પાન) થીજ ઉદવેગ અને પ્રતિબંધ થાય છે તેથી માનસી સિધ્ધ થતી નથી. પ્રભુના અધરામૃતના લેવાથી મનમાં સતત પ્રભુના સ્વરૂપનું અને પ્રભુની દિવ્ય લીલાઓનું ચિન્તન રહેવાથી 'તનુનવત્વતા' પ્રાપ્ત થાય છે. આવા દિવ્ય દેહથીજ લીલાધામમાં પ્રવેશ કરી દૈવી જીવ પ્રભુના અગણિતાનંદનો અનુભવ કરે છે આવો મહાન પુરૂષાર્થ માત્ર પ્રભુના અધરામૃતના લેવાથી જ પ્રાપ્ત થતો હોવાથી દૈવી જીવનું પરમ હિત વિચારી મહાકારૂણિક સ્વામીએ સેવામાર્ગ પ્રગટ કર્યો છે. અહી 'સેવા' શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર માર્ગમર્યાદા પ્રમાણે પ્રભુને ભોગ ધરીને અધરામૃતથી નિર્વાહ કરવો તેવો થાય છે.

આપ શ્રીમહાપ્રભુજીએ સ્વધામ પધારતે સમયે નિજવંશ અને વૈષ્ણવ સૃષ્ટિને સાડાત્રણ શ્લોકથી ઉપદેશ કર્યો છે. તે "શિક્ષા-શ્લોકી" નામે પ્રસિધ્ધ છે. તેમાં આપશ્રી આજ્ઞા કરે છે અથવા સાવધાન કરે છે. યદા બહિર્મુખા યુયં ભવિષ્યથ કથંચના।

તદા કાલ પ્રવાહસ્થા દેહ ચિત્તાદયો પ્યુત ॥ ૧ ॥
સર્વથા ભક્ષયિષ્યન્તી યુષ્માનિતિ મતિર્મમ ॥ ૧૧/૨ ॥

અર્થ - જયારે કોઇપણ પ્રકારે તમે બહિર્મુખ થશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલા દેહ-ચિત્ત વિગેરે પણ તમારૂ ભક્ષણ કરશે. એટલે કે અલૌકિક પ્રભુ સંબંધ વાળા દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અન્તઃકરણ લૌકિક થઇ જશે માટે ભગવત સન્મુખ રહેજો એવો મારો અભિપ્રાય છે.

આ ભકિત માર્ગમાં બહિર્મુખતા એ મુખ્ય દોષ છે તે દોષ થવાના અનેક પ્રકારો છે. પરંતુ તે ઉત્પન્ન થવામાં મુખ્ય ચાર કારણ છે.

(૧) અસમર્પિત વસ્તુનો ભોગ આ મુખ્ય દોષ છે આથી બીજા ત્રણ ઊત્પન્ન થાય છે તેને કહે છે (૨) અન્યાશ્રય (૩) અસદ્ આલાપ-વૃથાભાષણ (૪) દુઃસંગ. આ સર્વનો વિચાર કરી આપશ્રીએ આજ્ઞા કરી કે કોઈ પણ પ્રકારે જયારે તમે બહિર્મુખ થશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલા દેહ ચિત્ત વિગેરે તમોને સર્વથા ભક્ષણ કરી જશે. આ પ્રમાણે મારી મતી અભિપ્રાય છે. માટે તમારે ભગવત્સન્મુખ રહેવું. ભગવાનથી વિમુખ ન થવું, આ પ્રથમશિક્ષા-ઉપદેશ થયો. જો ભગવાનથી વિમુખ થશો તો તેજ સમયે તમારા દેહ ચિત્તાદિક ભગવાનના ચરણામૃત

અને ચરણ કમલના રેણુથી ઉત્પન્ન થયેલા છતાં પણ કાલ પ્રવાહી બની જશે. અને આ દેહ ચિત્તાદિ કાલ પ્રવાહસ્થ થાય તે મહત બાધક છે, એ જ તમને મારો અભિપ્રાય છે.

પ્રશ્ન : માર્ગ મર્યાદા પ્રમાણે પ્રભુને ભોગ ધરીને લેનારાઓમાં પણ જોવામાં આવે છે કે તેમના હૃદયમાંથી કામ-ક્રોધાદિક દોષો દૂર થયા નથી. પ્રાકૃત પ્રપંચ ભૂલાયો નથી. ભૌતિક આધ્યાત્મિક અવિદ્યા દૂર થઈ નથી. સેવ્ય સ્વરૂપમાં પ્રેમ આસકિત પૂર્વકનો નિરોધ સિધ્ધ થયો નથી. આવી સ્થિતિ માર્ગ મર્યાદા પ્રમાણે ભોગ ધરીને લેનારમાં પણ કેમ રહી આવતી હશે?

ઉત્તર : પુષ્ટિ સૃષ્ટિના દૈવીજીવોમાં વિવિધ પ્રકારના ઉઠતા પ્રશ્નોનું સમાધાન જાજા ભાગે ચોરાશી બસો બાવન વૈષ્ણવોના જીવન ચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે. અહીં પણ બસોબાવન વૈષ્ણવમાં એક તદીય અને તેના સંગ માટે સાથે રહેતા એક સાધારણ વૈષ્ણવની વાર્તા પ્રસંગમાં કહ્યુ છે કે આ બન્ને સાથે રહી આવતા. એક વખત એક ગામથી બીજે ગામ જઇ રહ્યા છે તે ગામમાં એક વૈષ્ણવ ડોકરીના ઘરે ઉતરે છે. આ ગામમાં રહેતા એક વૈષ્ણવે મનોરથ કરેલો તેમાં વૈષ્ણવોને પ્રસાદ લેવા નિમંત્રણ આપેલું. તેમાં આ

બન્ને વૈષ્ણવો પણ પ્રસાદ લેવા જાય છે. પ્રસાદ પાતલમાં પરોસાય છે તે સમયે બાજુના વૈષ્ણવને આ બે વૈષ્ણવ પૈકી તદીય વૈષ્ણવે પૂછ્યું કે આ મનોરથ કેવા પ્રકારે કયા હેતુથી થયો છે. ત્યારે તે ગામના વૈષ્ણવે કહ્યું કે મનોરથી વૈષ્ણવે પોતાની કન્યાનો વ્યાહ કર્યો તે વ્યાહમાં કન્યા વિક્રયનું દ્રવ્ય આવ્યું તેમાંથી આ મનોરથ કર્યો છે. આ સાંભળી માર્ગ સિધ્ધાંતના ઉંડા અભ્યાસી તદીય વૈષ્ણવે વિચાર કર્યો કે કન્યા વિક્રયનું દ્રવ્ય પ્રભુ અંગીકાર કરતા નથી આ દ્રવ્યથી બનેલી સામગ્રી આપ આરોગતા નથી. અને પ્રભુ ન આરોગે તેવા અન્નને શાસ્ત્રમાં શ્વાનની વિષ્ઠા સમાન કહ્યું છે. અને વિષ્ઠામાં કીડા હોય જ તેવો નિર્ણય કરી પ્રસાદ લીધા વિનાજ તદીય ઊભા થઇ ગયા બીજે ગામ ચાલતા થયા. ભગવદ સંબંધી બુધ્ધિનું રક્ષણ કર્યું. તેમની સાથે રહેનારા સાધારણ વૈષ્ણવ આ સુક્ષ્મ સિધ્ધાંતને નહિ જાણતા હોવાથી પ્રસાદ લીધો. પ્રસાદ લેવાથી તેમની બુધ્ધિ દુષિત બની અને તદીય જનનો દોષ જોવા લાગ્યા. આ પ્રસંગ ઉપરથી એ નિર્ણય થાય છે કે માર્ગ મર્યાદા પ્રમાણે ભોગ ધરીને લેનારનું દ્રવ્ય શુધ્ધ નીતિની કમાણીનું નહિ હોય તો પ્રભુ આરોગશે નહિ.

અને પ્રભુ આરોગ્યા નથી તેને પ્રસાદ માની લેતા રહેવાથી હૃદય શુધ્ધ થતું નથી. કામ ક્રોધાદિક આસુર ભાવોનો આવેશ રહેવાથી સેવ્ય સ્વરૂપમાં પ્રેમ આસકિત પુર્વકનો નિરોધ સિધ્ધ થતો નથી. ભૌતિક આધ્યાત્મિક અવિઘા નિવૃત થતી નથી. પ્રાકૃત પ્રપંચનું વિસ્મરણ થતું નથી. અન્યાશ્રય-અસદ આલાપ-દુઃસંગ વિગેરે અનેક દોષો ઉત્પન્ન થતા જ રહે છે. શ્રીમદાચાર્ય ચરણ શ્રીમતી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે સેવા-સ્મરણાદિ પ્રભુએ અંગીકાર કર્યા ત્યારે જ કહેવાય કે જીવમાંથી અહંકાર નિવૃત થાય. આસુર ભાવના આવેશથી આ અહંકાર દૂર થતો નથી. શ્રીમહાપ્રભુજીએ શિક્ષા શ્લોકીમાં આજ્ઞા કરી કોઈ પણ પ્રકારથી તમે પ્રભુથી વિમુખ થશો તો તમારૂં કાલ ભક્ષણ કરી જશે. આપની આ પરમ હિતકારી આજ્ઞાનું ઉલંઘન કરીને આજ પુષ્ટિ-સૃષ્ટિના કહેવાતાઓના ગૃહમાં (પ્રભુથી વિમુખ કરે તેવા દૈત્યો ટેલીવીજન-રેડીયો ઇત્યાદિએ) સ્થાન લીધું છે. અને તેથી બુધ્ધિમાં આસુર ભાવનો આવેશ થવાથી અને તેથી અજ્ઞાનરૂપી અંધકાર છાય જવાથી, અમો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલંઘન કરી રહ્યા છીએ આ અમારા માટે મહત અપરાધ છે

તેનું વિસ્મરણ થઇ જાય છે.

સાડા ત્રણ શ્લોકની શિક્ષા શ્લોકીમાં શ્રીમહાપ્રભુજીએ પરમ હિતોપદેશ જે કરેલો છે તે નિજવંશ અને વૈષ્ણવ સૃષ્ટિ બન્ને માટે સમાન રીતે કરેલો છે. અને શ્રીમદ્દ હરિરાય પ્રભુએ પણ "બહિર્મુખત્વ-નિરૂપણ". અને 'બહિર્મુખત્વ નિવૃત્તિ' આ બન્ને ગ્રંથમાં પણ નિજવંશ અને વૈષ્ણવ સૃષ્ટિ બન્ને માટે નિર્દેશ કર્યો છે.

અન્તીમ આ કલિકાલ મહાવિષમ આવ્યો છે. સતપુરૂષની પણ બુધ્ધિમાં વિપરિતતા ઉત્પન્ન કરે છે, તેવા સમયે પોતાના દોષોનો વિચાર કરી નિ:સાધન દીન ભાવ પૂર્વક મહાકારૂણિક શ્રીમદાચાર્યચરણનું શરણ ભાવન નિત્ય વિચારવું. એવો હિતોપદેશ મર્મજ્ઞ શિરોમણી શ્રીહરિરાયપ્રભુએ 'બહિર્મુખત્વ નિવૃતિ' નામના ગ્રંથમાં કરેલો છે.)

આપના નામમાંજ આપનું નામાત્મક ભાવાત્મક સ્વરૂપ છે. એટલે નામના અર્થરૂપ ભાવાત્મક સ્વરૂપનું અનુસંધાન રાખવું. અથવા નામ સ્મરણની સાથે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ધ્યાન પણ કરવું. તેથી હવે મારે બીજે પ્રભુને શોધવા જવાની જરૂર નથી. નામ પણ તાપભાવને પ્રગટ કરનારૂ છે. (કારણકે આપ સ્વયં તાપભાવનું જ સ્વરૂપ હોવાથી આપના નામમાં પણ તાપભાવ વ્યાપેલો જ છે. તાપભાવ વિના આધિદૈવિકતા

(તનુનવત્વતા) સિધ્ધ થતી નથી અને તેથી અગણિતાનંદનો અનુભવ થઇ શકતો નથી. તેથી તાપભાવની પરમ આવશ્યકતા છે. તેવો તાપભાવ

આપના નામમાં પણ રહેલોજ છે.) નામ ફલરૂપ પણ છે. એ પણ આપ નામ સ્મરણ કરાવે ત્યારે. એટલે મારા જીવની સત્તાથી કે સાધન બલથી કાંઇ પણ બને તેમ નથી. લૌકિક જીભથી આપનું મહાન અલૌકિક નામ શી રીતે લઇ શકાય? પણ કરૂણા સાગર શ્રીવલ્લભ જેને પોતાનો કરવાની ઈચ્છા કરે છે, તેનાથી જ આપશ્રીનું નામ લઇ શકાય છે. અથવા પોતેજ પ્રવેશ કરી પોતે પોતાનું નામ દઇ રહ્યા છે. નામામૃતનું પાન કરાવી રહ્યા છે. ‘ આપ સેવા કરી શિખવે શ્રી હરિ’. નામ લેનાર ભકત હૃદયમાં નામ રૂપે પોતેજ બિરાજી રહ્યા છે, પણ બહાર પ્રગટ થઇને સ્વરૂપાનંદનું દાન કયારે કરાવશે ? આ પ્રમાણે ભાવના પૂર્વક નામ સ્મરણ કરવું. કારણકે શ્રીમહાપ્રભુજીનું મહાત્મય હૃદયમાં ઠસે નહિ ત્યાં સુધી જપનું ઉત્તમ ફલ મળતું નથી, બાકી મંત્ર રૂપે છે તેથી સમયે હૃદય શુધ્દ થયે દાન થાય છે. જેમ લોહ ચુંબક અને સોયની વચ્ચે વ્યવધાન હોયતો લોહ ચુંબક સોયને પોતાની પાસે ખેંચી સકતું નથી તેમ પ્રભુ સ્વરૂપ સિવાય અન્ય વાસના રૂપી વ્યવધાન હોય તે વાસના દગ્ધ ન થાય ત્યાં સુધી પ્રભુ પ્રાપ્તિમાં વિલંબ થાય છે. નામ સ્મરણ જ વાસનાને દગ્ધ કરે છે તેથી

નામનો જ આશ્રય ને આશા રાખવી.

('મેરો મન ગોવિંદસો માન્યો તાતે જીય ઓર ન ભાવે' શ્રીપરમાનંદદાસજીના આ પદનો ભાવાર્થ વિચારવો.)

ભાવ સમજયા વિના (નામના આધિદૈવિક સ્વરૂપને સમજયા વિના) રખડતે ચિત્તે પણ નામ લેવાથી દોષ દૂર થાય છે એવા વિશ્વાસ પૂર્વક નામનું સ્મરણ કરવું આવશ્યક છે.

કૃષ્ણ સેવા તો છે ફલ સર્વતણું ।
ગુરૂ કૃપાબળે બને કઠિન તો ઘણું ।।
પંચ વર્ણ અષ્ટવર્ણ સકલ સાર છે ।
ભટકતે મને જપતા પણ બેડો પાર છે ।।
ચિત ભટકતું જો હોયને ભોજન કીજીયે ।
સ્વાદ ઓછો તદપિ ઉદરભરી લીજીયે ।।
મન સ્થિર થવા શોચ રખે રાખતા ।
સદાકાળ રહેજો શ્રીકૃષ્ણનામ ભાખતા ।।

('પંચવર્ણ' એટલે પંચાક્ષરમંત્ર. અને અષ્ટવર્ણ એટલે અષ્ટાક્ષર મંત્ર. તેનો પણ સકલ સાર શ્રીવલ્લભ નામ છે. કારણકે મુળ પરબ્રહ્મ સ્વરૂપ આપ શ્રીવલ્લભ છે આપના પૂર્ણબ્રહ્મ સ્વરૂપમાંથી જ પંચાક્ષર અષ્ટાક્ષર મંત્ર પ્રકટ થયા છે. તેને સમજવાનો પ્રકાર નીચે મુજબ છે :

સર્વાજ્ઞાત સ્વરૂપં હિ બ્રહ્મ પૂર્વ રિરંસયા ।
તતોખિલ જગતરૂપં ભૂત્વા તત્રાતિ દુસ્તરા ॥ ૧ ॥
(ગાયત્રી ભાષ્ય)

‘એકે મેવા દ્વિતીયબ્રહ્મ’ આ શ્રુતિના કથન મુજબ આપશ્રીનું સર્વાજ્ઞાત મુલ પરબ્રહ્મ નિર્ગુણ સ્વરૂપ છે. આ સ્વરૂપમાંથી દ્વિધા શૃંગાર રસાત્મક વિલાસ લીલા જગતરૂપથી બહાર પ્રગટ થયું. શ્રી કૃષ્ણની બહાર લીલા જગતના સંબંધ વાળા પંચાક્ષર અષ્ટાક્ષર મંત્રો છે. અને ‘શ્રીવલ્લભ’ નામતો મુલ પરબ્રહ્મના સંબંધ વાળુ છે. તેથી શ્રી દયારામભાઇએ કહ્યુ છે કે-

અષ્ટાક્ષર પંચાક્ષર સ ભાગવત ગ્રંથ સહિત ।
શ્રી વલ્લભના નામમાં જો છે પૂર્ણ પ્રતિત ॥
(પુષ્ટિ પથ રહસ્ય)

‘શ્રી વલ્લભપ્રભુનું ધ્યાન’ આ શિર્ષકના સંપૂર્ણ લેખની ફલશ્રુતિ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો તે છે. પરન્તુ આપશ્રીનો સાક્ષાત્કાર દિવ્ય પ્રેમને પ્રાપ્ત કર્યા વિના ન થાય. દિવ્ય પ્રેમ આપશ્રીના ચરણકમલનો અનન્ય આશ્રય કર્યા વિના પ્રગટ ન થાય. અનન્ય આશ્રય મહાત્મ્ય સમજયા વગર ન થાય. આપશ્રીના સ્વરૂપનું મહાત્મ્ય સમજાય તે માટે આ લેખમાં વિસ્તાર પૂર્વક વર્ણન કર્યુ છે. મહાત્મ્ય સમજવાથી અનન્ય ભાવ

પૂર્વક આપના સ્વરૂપનુંજ ધ્યાન અને આપના નામનુંજ સ્મરણ અથવા શ્રી સર્વોત્તમ સ્તોત્રથી આપશ્રીનાંજ યશોગાનથી સર્વથી અધિક અને સુદ્રઢ સ્નેહ આપશ્રીના સ્વરૂપમાં થતાં આપશ્રીના મહાન અલૌકિક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. જયાં સુધી ભગવદ સાક્ષાત્કાર (લીલાધામ અને લીલાધામના દિવ્ય પરિકર સહિત) ન થાય ત્યાં સુધી પૂષ્ટિ શરણસ્થ દૈવી જીવના દૈવી જીવનની કોઇ સાર્થકતા માની શકાતી નથી.

આપશ્રી મહાપ્રભુજીએ ભગવદ સાક્ષાત્કાર માટે અથવા સ્વયંનો સાક્ષાત્કાર કરાવવા માટે પોતાની સ્વતંત્ર વાણી શોડષગ્રંથ અંતરગત 'નિરોધ લક્ષણ' ગ્રંથમાં તેના સાધનનો નિર્દેશ કર્યો છેઃ-

(૧) હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદવિ તત્ર હિ ।

(૨) તસ્માત સર્વં પરિત્યજય નિરૂધ્ધૈઃ સર્વદાગુણાઃ ।

પહેલી પંકિતમાં 'હરિ' શબ્દ છે તે આપશ્રીમહાપ્રભુજીના મૂલ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ માટેનો છે. તેથી આપના સ્વરૂપનું સતત ધ્યાન (ચિન્તન) કરતા રહેવાની અને બીજી પંકિતમાં ગુણગાન કરવાની આજ્ઞા કરી તે શ્રી સર્વોત્તમ સ્તોત્રથી ગુણગાન કરવું, અથવા આપના નામનું સ્મરણ કરવું. ગુણગાન દ્વારા શ્રી સર્વોતમ સ્તોત્રમાં આપના નામમાં જે મહાન દિવ્ય ગુણો રહેલા છે તે આ સ્તોત્રના ગુણગાન કરનારના હૃદયમાં પ્રવેશ કરતા

રહે છે. અને આપશ્રીના સ્વરૂપના ધ્યાન દ્વારા આપના સ્વરૂપનો આવેશ થાય છે. આમ ગુણગાન અને ધ્યાનના સાધનથી લીલાધામ અને લીલાધામના દિવ્ય પરિકર સહિત આપશ્રીના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. આ કથનની પુષ્ટિ શ્રીહરિરાયપ્રભુના પદથી થાય છે :-

'ભોર ભયો ભાવસો લે શ્રીવલ્લભનામ'. આ પદની આગળની પંક્તિ -

'હરિ વશ છિનહિમેં હોત
સ્ફુરત સગરો ભકિત મારગ
રૂપ હૃદય વસે અરૂ રસ સમૂહ ધામ'

ઊપરોકત પ્રકારે સાક્ષાત્કાર થતા ભકતને પોતાના આધિદૈવિક દેહની પ્રાપ્તિ થાય છે. અને આ અલૌકિક દેહ પ્રાપ્ત થતાં લીલાધામમાંજ ભકતનો પ્રવેશ થઈ જાય છે. પછી કયો પુરૂષાર્થ મેળવવાનો બાકી રહે છે ? ભકતને પોતાના આધિદૈવિક દેહની પ્રાપ્તિ થવી એમાંજ સર્વ પુરૂષાર્થની સમાપ્તિ થઇ જાય છે. અથવા આ દેહની પ્રાપ્તિ એજ પરમ પુરૂષાર્થ રૂપ છે. કારણકે આ દિવ્ય દેહથીજ પ્રભુના સ્વરૂપમાં રહેલા અગણિત આનંદને ધારણ કરી શકાય છે અને અગણિતાનંદનો અનુભવ પણ કરી શકાય છે. દિવ્ય દેહને પ્રાપ્ત કરી, લીલાધામમાં પ્રવેશ કરી પરમ પુરૂષાર્થરૂપ

અગણિતાનંદનો અનુભવ કરવા માટે આ લેખમાં કહ્યા મુજબ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું નિરંતર ધ્યાન અને શ્રીસર્વોત્તમ સ્તોત્ર દ્વારા આપશ્રીનું યશોગાન નિરંતર કરતા રહેવું)

'શ્રીવલ્લભ પ્રભુનું ધ્યાન' આ શિર્ષકના લખાણમાં આપેલી ભાવના 'શ્રીમહાપ્રભુ સ્તુતિ મુકતાવલી' ભાગ ૧ માં પ્રસિધ્ધ થયેલ છે. આ ભાવનામાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું મહાત્મ્ય વિસ્તારથી જણાવ્યું છે. તેમાં વિવિધ પ્રકારના ભાવોનો સંગ્રહ જે કર્યો છે તે શ્રીહરિરાય ચરણોકત 'શ્રીમદાચાર્ય ચિન્તન' ગ્રંથમાંથી વિશેષ લીધા છે. અને શ્રી દયારામભાઈના 'પૃષ્ટિ પથ રહસ્ય' ગ્રંથમાથી પણ સંગ્રહ કર્યો છે. આ ભાવનના લખાણની સંગતિમાં આ ( ) કૌંસમાં જે વિષય લખાયો છે તે શ્રીવલ્લભ કૃપા પ્રેરણાથી સંકલનદાસની સ્ફુરણાનો છે.

સંકલન
શ્રીવલ્લભ પાદ પદ્મ મિલિન્દ

રાગ બિહાગ

રે મન ! ધીક ધીક તેરો જીવ્યો ।
શ્રી વલ્લભ પદરજ નહીં ચાહી કોન સુકૃત તેં કિયો ।। ૧ ।।
કરકો અમૃત ડારી ધુરમેં ગરલ પાન જાય કિન્હો ।
સબ વિધિ તજી ચતુર ચિંતામણિ કાચમણિ ચિત દીન્હો ।। ૨ ।।
રસ સાગર તજી છિલ્લર ડુબ્યો સુયજ તજી અપજસ લિન્હો ।
'રસીકદાસ' જન વા મુઢકો સરાહત કોન હિયો ।। ૩ ।।

……………………

રે મન ! હરિ બિન કોન સહાયક ।
સમુજ વિચાર દેખ જીય અપને, સબ સ્વારથકે લાયક ।। ૧ ।।
સુખમેં આય કરત ઝટ ભેટત દુઃખમેં નહિ કોઊ ધાવત ।
જન્મ જન્મકે સંગ પ્રાણપતિ વેદ પુરાણન સબ ગાવત ।। ૨ ।।
માન અબહુ મન શિખ મેરી, કહું હો તોય ઊપાયક ।
'રસિકદાસ' સબ તજ ભજીલે, શ્રીવલ્લભ સુખદાયક ।। ૩ ।।

……………………

અબહું જાગિ સોયો બહુતેરો
કોટિ જનમકી નિંદ્રા આઈ, ભયો અજ્ઞાન અંધેરો ।। ૧ ।।
યહ સંસાર સ્વપ્નકે સુખમેં, આનંદ સિંધુ બસેરો ।
શ્રીવલ્લભ પદરજ સંબંધ વિન, જાન સબે ઊરજેરો ।। ૨ ।।

સકલ મનોરથ મનકે કરલે, ક્ષણમેં હોત સવેરો ।
'રસિકદાસ' જન કહા ડોલતહૈ, અબ પાયો પતિ તેરો ॥ ૩ ॥

....

મનારે તેં અપનો અરથ ન જાન્યો ।
ઇન્દ્રિય વિષય ઉદર હિત કારન, વેર સબનસો ઠાન્યો ॥ ૧ ॥
કરી પાખંડ ચહુદિશ ભટકયો પાપ કરી ધન આન્યો ।
હરિ ગુરૂ આજ્ઞા કરિ ઉલંઘન, કીયો આપ મન ભાયો ॥ ૨ ॥
દેહ સંઘાત ભયે અબ સીથિલ આય ગયો બુઢાનો ।
'રસિકદાસ' જન સોઇ સયાનો શ્રીવલ્લભ ચિત સાન્યો ॥ ૩ ॥

....

મન રે તેં અપનો ભલો ન વિચાર્યો ।
રતન પાય કોડીકે પલટે કહુકો કહુ દે ડાર્યો ॥ ૧ ॥
જેસે ચંદન ભીલ સદનમેં લે અગ્નિમેં ઝાર્યો ।
રસ સાગર તજ છિલ્લર નીરમેં જીવન સબ બિતાવ્યો ॥ ૨ ॥
'રસિકદાસ' જન સોઇ બડભાગી, શ્રીવલ્લભ નામ ઉચાર્યો ।

....

સેવક કહાય સેવા ન કરી ।
બહુત અપરાધ કર્યો સ્વામિકો, ક્ષણ ભર સુમર્યો નાહી હરિ ॥
બડે ભકત કહી જગત બખાન્યો, તાતે નહીં કછુ સમજ પરિ ।

દેખ પ્રતિષ્ઠા મનમે ફુલ્યો, ભઇ બાત સબે બિગરી ॥ ૨ ॥
તુમસો કહાં કહો વલ્લભપ્રભુ, જો કછુ જીયમેં હોય ખરી ।
'રસિકદાસ' જન જાન આપુનો, બૂડત દેખી બાંહ પકરી ॥

……………………

મન રે તેં બહુવિધ પોલ ચલાઈ ।
ભકત ભકત કહી જગત પૂજાયો, તબ ભઇ વિમુખતાઇ ॥ ૧ ॥
ભગવદ ધર્મ કોડીકે પલટે, કહુકો કહુ બિકાઇ ।
કોટિક ભાંતિ દિખાય દીનતા, તહુ ન પેટ ભરાઇ ॥ ૨ ॥
કહાં લો કહોં પ્રશંસા તેરી, સમજ સમજ સકુચાઇ ।
'રસિકદાસ' જન જાન કૃપાનિધિ, કછુ એક ધીર ધરાઇ ॥ ૩ ॥

……………………

મન રે તેં લોક પ્રતિષ્ઠા બઢાઇ
ભલો ભલો કહી જગત બખાન્યો, તુમમેં કહાં ભલાઇ ॥ ૧ ॥
કરી સ્નેહ હરિજન નહીં તાર્યો અપનો ઉદર ભરાઇ ।
સુકર કુકર તુમસે આછે, જાત સ્વભાવ અપુનાઇ ॥ ૨ ॥
વિષય વિષ ભર્યો નખ શિખલો, ઓરકી કહા ચલાઇ ।
'રસિકદાસ' કી ટેર સુનો વલ્લભ, કરો કરૂણા મન દરસાઇ ॥ ૩ ॥

……………………

રે મન સબ વિધ બિગારી ।
અબ પછતાયે કછુ ન હોયગોં, જીતી બાજી હારી ॥ ૧ ॥

ક્ષણ ક્ષણ કરત અપરાધ અસંખ્ય, તાકુ કછુ ન વિચારી ।
બહૌત પ્રતિષ્ઠા જગત પુજાયો, સો સબ નરક દુવારી ।। ૨ ।।
વેદ પુરાણ સકલ શાસ્ત્ર કહે શ્રી ભાગવત પુકારી ।
'રસિકદાસ' જન સોઇ કહાવે, શ્રીવલ્લભ શિર ધારી ।। ૩ ।।

……

મના રે તેં બહુત ચતુરાઇ ઠાંની ।
શ્રીવલ્લભ પદ ચિત નહિ લાગ્યો ભઈ મુલમેં હાની ।। ૧ ।।
ક્યોં હુ ક્યોંહુ કરિ માયા જોડી વિષય વાસ લપટાની ।
દેખત સાધુ ચોરકે રાજા, વૃથા જન્મ બિતાની ।। ૨ ।।
કેતિ વાર તોહું સમુજાયો, મુરખ કબહુ ન માની ।
'રસિકદાસ' જન દાવ ચુક મત, શ્રીવલ્લભ પાયે દાની ।। ૩ ।।

……

મનારે તું અબહું ચેત સવેરો ।
બડી ઠોરકો નામ ધરાવત ત્યોં ત્યોં હોત અંધેરો ।। ૧ ।।
પરનીંદા પરવાદ ઈર્ષા, સંચિત દોષ ભયો ઘનેરો ।
યા બાતન મે કછુ ન બઢેગો, જાય ગાંઠકો તેરો ।। ૨ ।।
યહ સંસાર સ્વારથકે સંગી, કરી વિચોર બહુતેરો ।
'રસિકદાસ' જન ટેર કરત શ્રીવલ્લભ ચરણન હેરો ।। ૩ ।।

……

મોહી શ્રીવલ્લભ જાુકો ભરોંસો ।
અન્ય દેવકો જાનું ન માનું, ઇનકો આશરો ખરોસો ॥ ૧ ॥
કછુક વિચાર સમઝ મન મેરે, વાર વાર કહું તોસોં ।
'રસિક' સુધા સાગરકો ત્યજકે, ક્યોં પીવત જલ ઓસો ॥ ૨ ॥

……

શ્રીવલ્લભ લીજે મોહી ઉબારી ।
યા કલિકાલ કરાલ વિષમતેં, લાગત હૈં ડર ભારી ॥ ૧ ॥
તૃષ્ણા તરંગ ઉઠત ભવ સિંધુતેં, ડારત કિતે ઊજારી ।
કર્મ ભંવર મદ મત્સર મોકું, દાબે દેત પતારી ॥ ૨ ॥
કામ ક્રોધ ઓર લોભ મોહ, જલ જંતુ રહે મુખ ફારી ।
ચરનામ્બુજ નૌકા નહીં સુઝત, બીચ અવિધા પહારી ॥ ૩ ॥
કહો કહાં લગ કરૂં વિનતી, ન વિધિ જાય વિસ્તારી ।
ચરનરેણુ સેવકકો સેવક, કહતહૈં 'રસિક' પુકારી ॥ ૪ ॥

……

શ્રી વલ્લભ જેસો હું તેસોઇ તેરો ।
પહેલેકી ભઇ સબ હી વિસારો, હોય કામ તબ મેરો ॥ ૧ ॥
મેં અપરાધી બહુત જન્મકો, ભયો દોષકો ઢેરો ।
શરન પર્યો અબ સબહી મિટાવો રાખિ લેહો અબ નેરો ॥ ૨ ॥
કરૂના કીજે કરૂણા સાગર ટારો ભવકો ફેરો ।
'દાસકી' વિનતી મોહિ નિભાવો અધમ આપકો ચેરો ॥ ૩ ॥

પ્રેમ મારગ અતિહી વિકટ દેખત ભાગે લોગ ।
કોઈક વિરલા ચલ શકે જીન ત્યાગે સબ ભોગ ।।

……………………………

શ્રી વલ્લભ લીજે મોહી બુલાય ।
બહોત દિના બીતે બીનુ દેખે જાતે જિય અકુલાય ।। ૧ ।।
નિશદિન યહ તન ક્ષીન હોત હે સુધબુધ ગઇ બિસરાય ।
'ગોવિંદ' પ્રભુ શ્રીવલ્લભ બિનુ દેખે પલભર કલ્પ બિહાય ।। ૨ ।।

……………………………

નામ રટે દુઃખમેં સુખમેં હરિ,
સોહી પ્રવીણ તજિ ભ્રમ કોટી ।
નહીં મીટયો દુઃખ તુર્ત કહા !
તહું, આખર નામકી શકિત ન છોટી ।।
આશય ગૂઢ અતિ હરિકો,
સમજયો ન પરે જિનકી મતિ મોટી ।
ભાવ કુભાવ 'દયા' હરિ ગાય,
સો પાય હરિ સહી બાત ન ખોટી ।।

……………………………

શ્રીમુખ બોલ્યા શ્રીહરિ

: પ્રસ્તાવના :

આપણા સૌના મનમાં એક પ્રશ્ન રમતો હોય છે. પ્રભુ પોતાના ભકતોને શા માટે દુઃખ આપતા હશે? આપણે આપણી આજાુબાજાુ રહેતા સ્વજનોને, સંબંધીઓને, પડોશીઓને કે પરિચિતોને દુઃખી થતાં જોઇએ છીએ ત્યારે આપણી બુદ્ધિ આપણા મનને આજ પ્રશ્ન પુછે છે. જે સાચા માર્ગે ચાલે છે, જે પ્રભુ પ્રત્યે પ્રેમ ધરાવે છે, જે પ્રભુના સેવા-સ્મરણ કરે છે એને કેમ દુઃખ ભોગવવું પડતું હશે? પ્રભુથી જે અળગા રહે છે તેને સુખ કયાંથી મળતું હશે?

આ પ્રશ્નનો જવાબ આપણે આપણી જાતને પૂછીએ છીએ, કયારેક જાણકાર અને અનુભવીને પૂછીએ છીએ, કયારેક મંદિરમાં પ્રભુના દર્શન કરતા પ્રભુને પણ પૂછીએ છીએ, પરંતુ આપણા મનને સંતોષ થાય એવો જવાબ ભાગ્યે જ મળે છે.

આપણા સૌના મનમાં ઘોળાતા આ પ્રશ્નનો જવાબ લઇ આવે છે પ્રભુના અત્યંત કૃપાપાત્ર એક ભકત કવિ, જેમને નામથી આપણે સૌ ઓળખીએ છીએ, અવારનવાર તેમના પદો ગાઇએ છીએ અને સાંભળીએ છીએ. તેઓ છે **શ્રી દયારામભાઇ.** શ્રી દયારામભાઇના જીવનમાં ડોકિયું કરીશું તો આપણને સ્પષ્ટ રીતે

જણાશે કે આ ભકત કવિને પણ બાળપણથી ઓછાં લૌકિક દુઃખો સહન કરવા પડયા નથી. તેમણે જીવનના અંત સુધી લૌકિક દુઃખો સાથે સતત સંઘર્ષ કર્યો છે. તેમના **'અનુભવ-મંજરી'** નામના ગ્રંથનો અભ્યાસ કરતા સ્પષ્ટ રીતે સમજાય છે કે આ ભકત કવિને પ્રભુનો સ્વપ્નમાં અને સાક્ષાત અનુભવ થયો હતો. અને તે પણ એકાદ વખત નહીં, પરંતુ અનેક વખત. પ્રભુ સાથેના સાનુભવના અનેક પ્રસંગો શ્રી દયારામભાઇ એ 'અનુભવ મંજરી' માં વર્ણવ્યા છે. પ્રભુ સાથે વાર્તાલાપની તક પણ આ ભકત કવિને પ્રાપ્ત થઇ હોય એવું સમજાય છે. જે પ્રશ્ન આપણે પ્રભુને પૂછીએ છીએ તે પ્રશ્ન એમણે પણ પ્રભુને પૂછયો હશે. અને એના જવાબમાં પ્રભુએ કૃપા કરીને જે આજ્ઞા કરી એ આજ્ઞાને શ્રી દયારામભાઇએ એક સુંદર પદમાં અત્યંત સ્પષ્ટ અને સરળ ભાષામાં આપણા સૌના માટે રજુ કરી છે.

આજનો સમય સામાન્ય રીતે આપણા સૌ માટે માનસિક સંતાપ અને પરિતાપનો સમય છે. આપણે સૌ આ વિષમતામાં વ્યથા અનુભવીએ છીએ. પરિણામે કયારેક સેવા-સ્મરણમાંથી આપણું મન ડગી જાય છે. આ સ્થિતિમાં લૌકિક સંઘર્ષોમાં પણ મન અકળાયા વિના જલકમલવત રહે અને એવા સ્વસ્થ મનથી પ્રભુના સેવા-સ્મરણ બન્યા રહે એ ખાસ જરૂરી છે. આપણી

આ જરૂરિયાત પૂરી કરવાનો માર્ગ શ્રી દયારામભાઇ આ પદમાં આપણને ઉદાહરણો સહિત, તેમની આગવી શૈલીમાં સમજાવે છે.

શ્રી દયારામભાઇ જે વાત કહે છે એ વાત કોઇ નવી નથી. શ્રી મહાપ્રભુજીએ પણ આ જ વાત બે સ્થળે આપણને સમજાવી છે. પરંતુ શ્રી મહાપ્રભુજીની વાણી આપણા માટે દુર્બોધ રહી છે, તેથી શ્રી મહાપ્રભુજીની આજ્ઞાને આપણે સાચા સ્વરૂપમાં સમજી શકયા નથી.

શ્રી મહાપ્રભુજી **'નવરત્ન'** માં આજ્ઞા કરે છે કે-

'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।'

-પ્રભુ જેમને પોતાના ગણે છે એવા પોતાના ભકતોને લોકમાં અને વેદમાં, એટલે કે, લૌકિક અને વૈદિક કાર્યોમા સ્વસ્થતા આપતા નથી. આનો અર્થ એ થયો કે પ્રભુ પોતાના ભકતોને તેમના જીવનના લૌકિક અને વૈદિક કાર્યોમા સરળતા કરી આપવાને બદલે વિધ્નો આપે છે. આનુ કારણ શ્રી મહાપ્રભુજી ' શ્રી સુબોધિનીજી' માં સમજાવે છે. શ્રી ભાગવતના દશમ સ્કંધના રાસપંચાધ્યાયીના પ્રકરણમાં અંતર્ગૃહગતા ગોપીજનોનો પ્રસંગ આવે છે. પ્રભુના વેણુનાદ નું શ્રવણ કરી ને જે ગોપીજનો પોતાના ઘરનો ત્યાગ કરી વેણુનાદની દિશામાં ન જઇ શકયા એ

ગોપીજનોને પ્રભુનો અસહ્ય વિરહ થતાં તે વિરહમાં તેમનો દેહ છૂટી ગયો. આ ગોપીજનો અંતર્ગુહગતા ગોપીજનો તરીકે પ્રસિદ્ધ છે. આ પ્રસંગના સુબોધિનીજીમાં શ્રી મહાપ્રભુજી સ્પષ્ટ રીતે આ પ્રસંગનું પૃથકકરણ કરે છે. આવું કેમ બન્યું? શ્રી મહાપ્રભુજી ત્યાં સમજાવે છે કે: "જયારે આપણાં પાપ અને પુણ્ય બંને શૂન્ય થાય ત્યારે જ નવો જન્મ લેવો પડતો નથી, તે જીવને જ શાશ્વત ભગવત્પ્રાપ્તિ થાય છે. આ ગોપીજનોના પણ પૂર્વ જન્મના સંચિત પાપ-પુણ્ય ભોગવાવી લેવા માટે જ પ્રભુએ આ લીલા કરી. જે પાપ-પુણ્ય ભોગવાવા માટે અનેક જન્મો જોઇએ તે બધું પ્રભુએ કૃપા કરી એક ક્ષણમાં ભોગવાવ્યું. ગોપીજનો પ્રભુની પાસે ન જઇ શકવાથી એટલા બધાં વિરહિત થયા કે તે વિરહના અગ્નિમાં તેમના બધા જ પાપ નાશ પામ્યા. ત્યાં તેમને હૃદયમાં બિરાજતા પ્રભુના દર્શન થયા. પ્રભુના દર્શનથી તેમના સંચિત બધા જ પુણ્ય પણ ભોગવાઈ ગયા. તેથી તેમના દેહ છૂટી જતા તેમને શાશ્વત ભગવત્પ્રાપ્તિ થઇ. તેમને સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થયો.'

આ આજ્ઞા પરથી આપણને સમજાય છે કે આપણા પણ અનેક જન્મોના પાપ-પુણ્યોનો સંચિત સરવાળો અને ગુણાકાર એટલો મોટો હોય છે કે તે ભોગવવા અનેક જન્મો પણ ઓછા પડે. આ સંજોગોમાં પ્રભુ પોતાના ભકત પર કૃપા વિચારે છે અને ઈચ્છે છે કે મારા આ ભકતને હવે વિશેષ જન્મ મરણના ચક્રમાં ફેરવવા નથી. તેથી પ્રભુ ભકતના અલૌકિક સુખ માટે

તેને આ જન્મમાં બધાજ પાપ-પુણ્ય ભોગવાવી દે છે. પરિણામે બીજા મનુષ્યો કરતાં ભકતોના જીવનમાં વિષેશ દુઃખ આપતા હોય એવું આપણને લાગે છે.

આપણે બહારગામ જવું છે. ત્યાં ગયા પછી લગ્નનો આનંદ માણવાનો છે. પરંતુ બસમાં પગ મૂકવાની જગ્યા નથી. આ સંજોગોમાં આપણે એવું વિચારીએ છીએ કે તકલીફ પડે તો ભલે પડે, પણ એકવાર બસમાં ઘૂસી જઈએ. થોડું દુઃખ વેઠી લઈશું, પણ પછી તો વિશેષ આનંદ જ માણવાનો છે! આમ, ભકત પણ એવું જ વિચારે છે કે આ લોકમાં થોડું વધારે દુઃખ પડે તો તે વેઠી લેવું, કારણે કે, પ્રભુએ બધાં જ પાપ-પુણ્ય ભોગવાવાનો અનુગ્રહ કર્યો છે. આ દેહ છૂટતાં સદાયને માટે ભગવત્પ્રાપ્તિનો આનંદ મળવાનો છે. આથી ભકતને તેના જીવનમાં આવતાં દુઃખો દુઃખ આપનારાં હોતાં નથી, પણ પ્રભુની પાસે વહેલા જવાનું છે એ ભાવનાનું સુખ આપનારાં બને છે.

શ્રી હરિરાયજી શિક્ષાપત્રમાં પણ આ જ સિદ્ધાંત સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે : ‘લૌકિકમાં આવેલો કલેશ સૂચવે છે કે પ્રભુએ હવે આપણો અંગીકાર કર્યો છે. એટલે લૌકિક કલેશ પ્રભુનો શ્રાપ નથી, પણ પ્રભુનો પ્રસાદ છે.’

આપણે જીવનમાં જયારે દુઃખ આવે છે ત્યારે જે સ્વજન ઉપર આપણને અત્યંત સ્નેહ હોય છે તેને યાદ કરીએ છીએ. સાથે-સાથે પ્રભુને પણ યાદ કરીએ છીએ. પરંતુ જયારે સુખ

ભોગવવાનું આવે છે ત્યારે આપણને કોઇ યાદ આવતું નથી, આપણને આપણી જાત જ યાદ રહે છે. પરિણામે, આપણા અત્યંત પ્રિય સ્વજનને અને પ્રભુને આપણે સુખમાં ભૂલી જઈએ છીએ. આવી વિસ્મૃતિ ન થાય અને પ્રભુ સતત આપણા સ્મરણમાં રમણ કરતા રહે એ હેતુથી જ પ્રભુ અનુગ્રહ સ્વરૂપે લૌકિક દુ:ખો અને કલેશ આપણા જીવનમાં આપે છે. એક નાના બાળકને સગડી પાસે બેસાડવામાં આવે તો તે બાળક સગડીમાં રહેલા લાલચો ળઅંગારાઓને પણ રમકડું માની પકડવા જશે. કારણ કે તે અંગારા પકડવાથી શું પરિણામ આવે તેની ખબર તે બાળકને નથી. પરંતુ આ જ્ઞાન તેનાં માતા પિતાને છે. એટલે તેની માતા તરત જ બાળકને સગડીથી દૂર લઇ જશે અને અંગારા પકડવા દેશે નહીં. બાળક ગમે તેટલું રડશે તો પણ માતા બાળકને સગડી પાસે નહીં જવા દે, કારણ કે બાળક તેના પ્રેયનો વિચાર કરે છે, જયારે તેની માતા તેના શ્રેયનો વિચાર કરે છે.

માતાને તેનું બાળક અત્યંત વ્હાલું છે, એટલે બાળકનું શ્રેય શામાં છે, તેનો જ માતા વિચાર કરે છે. રમકડું ન મળ્યું એનું બાળકને દુ:ખ છે, એનો માતા વિચાર કરતી નથી. તે જાણે છે કે બાળક થોડીક વાર દુ:ખી થઇને પાછું ભૂલી જશે. આ જ પ્રમાણે, પ્રભુ,પણ અજ્ઞાની જીવને તેનું પ્રેય આપતા નથી પણ એનું શ્રેય શામાં છે તેનો જ વિચાર કરીને, તેનું શ્રેય સિદ્ધ થાય એવું કરે છે. આથી જ શ્રી મહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથમાં આજ્ઞા

કરે છે કે : ‘જ્યારે ભક્ત ભક્તિનો માર્ગ છોડી, પ્રભુનું વિસ્મરણ કરી જગતનો માર્ગ પકડવા જાય છે ત્યારે પ્રભુ ક્યારેક તેને શાપ પણ આપે છે. પરંતુ આ શાપ જીવના અલૌકિક કલ્યાણ માટેનો હોય છે. તેથી શાપ એ પણ પ્રભુનો અનુગ્રહ બની રહે છે. આથી જ કુંતાજીએ પણ પ્રભુ પાસે જીવનમાં દુઃખ માગ્યું છે, સુખ માગ્યું નથી. કારણ કે લૌકિક દુઃખ આખરે પ્રભુનું સુખ આપનારૂં બને છે, જ્યારે લૌકિક સુખ પ્રભુથી આપણને દૂર રાખીને સંસારની ઘટમાળનું દુઃખ આપનારૂં બને છે.’

આ સિદ્ધાંત શ્રી દયારામભાઈએ ૧૮ પંક્તિના નાનકડા પદમાં બહુ સરળ ભાષામાં સમજાવ્યો છે.

અહીં એવો પણ પ્રશ્ન થાય કે આ પદમાં ૧૮ પંક્તિઓ કેમ? આપણને થતા લૌકિક દુઃખના અનુભવ ૧૮ માધ્યમથી થાય છે. આ ૧૮ માધ્યમો આ પ્રમાણે છે. આપણી ૧૧ ઈંદ્રિયો, પંચ મહાભૂતનું બનેલુ આપણુ શરીર, જેમાં ૧૧ ઈંદ્રિયો આવેલી છે. આ શરીરમાં રહેલ મન અને બુદ્ધિ. આમ કુલ ૧૮ માધ્યમોથી આપણે લૌકિક દુઃખ અને કલેશનો અનુભવ કરીએ છીએ. એટલે આ અઢારે માધ્યમથી થતા લૌકિક દુઃખ અને કલેશના અનુભવથી દુઃખી ન થવાની સમજ આપવા માટે શ્રી દયારામભાઈ ૧૮ પંક્તિઓમાં આપણને સમજાવે છે.

આ પદ સરળ હોવા છતાં ઘણું જ અર્થગંભીર છે. અને તેથી જ તેની પાછળ છુપાયેલું રહસ્ય સમજાય તો તેથી આપણું

ભકત તરીકેનું જીવન ભગવત્ગામી બનેં આ હેતુથી આ પદના રહસ્યને પ્રકટ કરતું સુંદર વિવરણ આપણને આ પુસ્તિકામાં પ્રાપ્ત થાય છે. 'શ્રી વલ્લભપાદ પદ્મમિલિંદ' ના નામથી સંપ્રદાયના સૌ વૈષ્ણવો સુપરિચિત છે. 'સત્સંગ', 'વૈષ્ણવવાણી', 'શ્રી વલ્લભસુધા' જેવા માસિકોમાં તેમના લેખો અવારનવાર પ્રકાશિત થાય છે અને આપણે સૌ તે વાંચીએ છે અને તે દ્વારા શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવાનો યથાશકિત અને યથામતિ પ્રયત્ન પણ કરીએ છીએ. શ્રી વલ્લભપાદપદ્મમિલિંદ ઉપર શ્રી મહાપ્રભુજીની પૂર્ણ કૃપા છે એ વાત તેમના લખાણો ઉપરથી મને તો સ્પષ્ટ રીતે પ્રતિત થઇ છે. તેઓ મન-વચન-કર્મથી સદાકાળ શ્રી મહાપ્રભુજીના ચરણાનુરાગી રહ્યાછે. શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન કરતાં તેમના હૃદયમાં જે વિવિધ ભાવોનો પ્રકાશ થયો છે તે તેમણે શબ્દોમાં ઓળખાવાનો વિનમ્ર પ્રયત્ન કર્યો છે. તેમનું એ બધું સાહિત્ય ઘણા સમયથી હું અવલોકી રહ્યો છું. શ્રી સુરદાસજી રચિત 'હરિરસ તબ હી તો જાય પૈયે' એ પદમાં રહેલા સિદ્ધાંતનું ભાવોદ્ઘાટન રજુ કરતું તેમનું પુસ્તક પણ શ્રી ગોવિંદપ્રભુ ટ્રષ્ટ (સૂરત) દ્વારા 'વૈષ્ણવવાણી' માસિકના ભેટ પુસ્તક તરીકે પ્રસિદ્ધ થયેલ છે. આવા શ્રી વલ્લભના કૃપાપાત્ર ભગવદ્‌ભકતની કલમથી ભકત કવિ શ્રી દયારામભાઇના પદનું રહસ્ય આપણને પ્રાપ્ત થાય છે કે સોનામાં સુગંધ સમાન છે. એકી બેઠકે, રસપૂર્વક વાંચી શકાય અને મધની જેમ ગળે ઉતારી શકાય એવું આ લઘું-પુસ્તક

સૌ વૈષ્ણવવોને સંસારના ત્રિવિધ તાપોથી મનને શાંત અને સ્વસ્થ રાખવા તથા ભગવદ્દગામી બનાવવા ઉપયોગી બનશે એ નિર્વિવાદ છે. આવું સુંદર પુસ્તક પ્રકાશિત કરવા માટે પ્રકાશકોને પણ મારા હાર્દિક ધન્યવાદ.

–પ્રા. રમેશભાઇ વિ. પરીખ (મહેસાણા)

હે પથિક ! ચલ દે અપને વતન મેં

રે મન ! સમજ સમજ તુ મેરા ।
તોડ દે નાતા માનવસે, યહાં નહીં કોઈ તેરા ।। ૧ ।।

દુનિયા હે મુસાફર ખાના, કહાં ડારે હમ ડેરા ।
જહાં પાંવ રખતે હૈ તહાં તહાં, હોત કંટકકા ઢેરા ।। ૨ ।।

જગત સબે અપને મતલબકે, લૂંટ લેગા ધન તેરા ।
જનમ જનમકા સચ્ચા સાથી, કરત હે હૃદય બસેરા ।। ૩ ।।

યોગીન બનકર પેઠ જા ભીતર, ખોજ લે પ્રીતમ પ્યારા ।
પિયુ પિયુકી પ્રણય દર્દભરી, કરજે તુ અખંડ પુકારા ।। ૪ ।।

ચકોર બનકે પિય મુખ ચંદકા, અમૃત પીના અનેરા ।
વિટપ વિટપપે દિવ્ય દ્વિજકો, સુનજે મધુર ટહુકારા ।। ૫ ।।

સૌરભ સુમન દિવ્ય કુંજોમે, મસ્ત ફીરના રેન સવેરા ।
મહા સૌન્દર્ય વલ્લભાઓકા, જહાં હે યૂથ અપારા ।। ૬ ।।

માધુર્યતાકા હે ખજાના, મૂલકા વતન તિહારા ।
'માધુરી' તલફત પ્રિય મિલનકું, અબ નહીં કરના અવેરા ।। ૭ ।।

શ્રી મુખ બોલ્યા શ્રી હરિ હોય જેને અતિશય અનુગ્રહ મારો રે ।
તેને અહીં સ્વપ્ને સુખ નહીં એ છે મૂળથી મારો ધારો રે ॥
મહા વ્યાધી તેનું તન પીડે, પરદેશે ભટકાવું રે ।
સુહૃદ્ય બન્ધુ વેર કરાવું, વિનતી ન મનમાં લાવું રે ॥
નિંદાવું અપમાન કરાવું, ચિત્ત ઉદ્વેગ ઉઠાવું રે ।
ધન હાની લૌકિક કલેશ બહુ, કષ્ટ કરી જીવાડું રે ॥
સંચિત ને ક્રિયમાણ દોષ, પ્રારબ્ધ ન સંભવે જેને રે ।
કુન્તી સુત અતિ વલ્લભ મુજને, જુઓ અતિ દુઃખ તેને રે ॥
પાપ જનીત જે તાપ દાસનો, કેમ ન ટળે મુજ નામે રે ।
મુજ રૂચિ જનીત કષ્ટ નવ ચાલે, ઉપાય બલ તે ઠામે રે ॥
અકળ અટપટી લીલા માહે, કશુ કળ્યું નવ જાયે રે ।
કેટલાક જનને ચલાવું અનીતે, તદપિ ન દુઃખી તે થાય રે ॥
કરૂં ન થવાનું થવું મટાડું, હું સ્વતંત્ર સહુ ભાંતે રે ।
તદપિ નિજજન અહિત કદાપિ, ન જ કરૂં કોઇ વાતે રે ।
મુજ ઈચ્છા નહી શાસ્ત્ર નિયામક, મને ગમ્યું તે ન્યાય રે ॥
કુકૃતિ ભકત કદી નિજરૂચિ માનું, અવળું સવળું થાય રે ॥
હું સર્વજ્ઞ કાળ કર્માદિક, મુજ આધિન લ્યો જાણી રે ।
'દયાપ્રીતમ' કહે શ્રી વલ્લભજન, નહીં દુભવું ધ્રુવ વાણી રે ॥

દુર્લભ એવા દિવ્ય પ્રેમનું જેને દાન કરવું છે તેને અહીં ભૂતલમાં સ્વપ્ને પણ સુખ હોતું નથી. ભૂતલમાં સુખ હોતું નથી તેનું કારણ આ દૈવી જીવને દિવ્ય પ્રેમનું દાન કરી પ્રભુ પોતાના લીલા ધામમાં લઇ જવા ચાહે છે. તેથી ભૂતલમાં સુખ આપે તો ભૂતલમાં જ અટકી જાય. તેથી ભૂતલ વાસમાં સ્વપ્ને પણ સુખ હોતું નથી. દિવ્ય પ્રેમ એ પ્રભુની પણ આત્મા રૂપ છે. પ્રભુ આ પ્રેમ રૂપી પોતાના આત્મા સાથે નિરંતર ક્રિડા કરે છે દિવ્ય પ્રેમ વાળા જે જન સાથે ક્રિડા કરવા ચાહે છે તેને ભૂતલમાં કેમ રહેવા દે ? જ્યારે આ દૈવી જીવને ભૂતલમાં સ્વપ્ને સુખ હોતું નથી ત્યારે, સર્વ પ્રકારથી આ જીવ નિઃસાધન બને છે. ત્યારે કેવલ પ્રભુના ધર્મી સાક્ષાત સ્વરૂપને શરણે જાય છે. અને શરણે જનાર જીવને પ્રભુ અભયતાનું દાન કરે છે. અથવા દિવ્ય પ્રેમરૂપ પ્રભુ આ જીવના હૃદયમાં પ્રકટ થઇ જાય છે. પ્રભુ હૃદયમાં પ્રકટ થવાથી ત્રિવિધ પ્રકારની માયાનો પ્રલય કરી, તેના આધિદૈવિક-અલૌકિક સ્વરૂપનું દાન કરી આ દૈવી જીવને લીલા ધામમાં પ્રવેશ કરાવે છે. અલૌકિક દેહનું દાન કરી લીલા ધામમાં પ્રવેશ કરાવવો તેનું નામ **અભયતા** છે.

અતિશય અનુગ્રહ શબ્દનો અર્થ લીલા ધામમાં પ્રવેશ કરાવી પ્રભુ પોતાના સ્વરૂપમાં રહેલા અગણિત આનંદનો અનુભવ કરાવે છે, તેનું નામ **અતિશય અનુગ્રહ** છે. આવા અગણિત આનંદનો જેને અનુભવ કરાવવો છે, તેને ભૂતલમાં સ્વપ્ને પણ સુખ હોતું નથી. અગણિત આનંદનો અનુભવ

લીલા ધામ માં જ થાય છે, તેથી પોતાના સંબંધનું અલૌકિક સુખ પણ આ જીવને ભૂતલમાં આપતા નથી.

અતિશય અનુગ્રહનો એક અર્થ એ પણ થાય છે કે આવા અનુગ્રહ વાળા જીવને પ્રભુ-સેવા-સ્મરણ ગુણગાન વિગેરેમાં પોતાના ધર્મ સ્વરૂપના સંબંધનું જે અલૌકિક સુખ છે તે સુખમાં પણ સ્વસ્થ થવા નહીં દેતા તેને વિપ્રયોગનું દુઃખ રાખે છે કારણ કે વિપ્રયોગમાં જ સર્વ સુખનો ત્યાગ થવાથી નિઃસાધનતા પ્રાપ્ત થાય છે. અને આ નિઃસાધનતાથી દૈવી જીવ કેવળ પ્રભુના ધર્મી સાક્ષાત સ્વરૂપનું શરણ ગ્રહણ કરે છે. વળી સેવા-સ્મરણ -ગુણગાન વિગેરેમાં પ્રભુ પોતાના સંબંધનું આ જીવને ભૂતલમાં સુખ આપે તો આ સુખના અનુભવમાં જ ડૂબ્યા રહેવાથી તેને તાપ કલેશનો અનુભવ થતો નથી. અને તાપ કલેશ વિના અલૌકિક દેહની પ્રાપ્તિ થતી નથી અને અલૌકિક દેહ વિના લીલા ધામમાં પ્રવેશ કરી પ્રભુના સ્વરૂપમાં રહેલો અગણિત આનંદ તેનો અનુભવ થઇ શકતો નથી. તેથી જે જીવ ઉપર અતિશય અનુગ્રહ છે તેને ભૂતલમાં અલૌકિક સુખમાં સ્વસ્થ થવા નહીં દેતા વિપ્રયોગ દુઃખનું દાન કરે છે.

વિપ્રયોગની પ્રગાઢ અવસ્થામાં ભકતનું 'અહ' સર્વાંશે નિવૃત થઇ જાય છે ત્યારે 'ભૂમા' સર્વાત્મા ભાવ પ્રગટ થઇ જાય છે. અર્થાત આ બડભાગી ભકતમાં ભગવાન સ્વાનંદ અને સ્વસત્તાનું સ્થાપન કરી પોતાની સમાન ઐશ્વર્યવાન બનાવે છે.

'સ્વાનંદ' એટલે અગણિતાનંદ અને 'સ્વસત્તા' એટલે અપરિચ્છિન્ન-સાકાર વ્યાપક સત્તા. સાકાર વ્યાપકતામાં સમસ્ત ગોલોક ધામ રહેલું છે. ભકતના અલૌકિક દેહમાં આવી સાકાર વ્યાપક સત્તા રહેલી છે તેથી એક કાલાવચ્છિન્ન સમસ્ત લીલાનો અનુભવ કરી શકે છે. અગણિતાનંદનો અનુભવ પણ આવી વ્યાપક સત્તાથી જ થાય છે. અપરિચ્છિન્ન સત્તાનું અધિષ્ઠાન ગોલોક ધામ હોવાથી અલૌકિક દેહ જેને પ્રાપ્ત થયો છે તેવા ભકતોની સ્થિતિ ભૂતલમાં રહી શકતી નથી. સ્વર્ગના દેવતાઓ પણ મૃત્યુલોકનો સ્પર્શ કરતા નથી તો દેવાધિદેવ પરાત્પર પુષ્ટિ પ્રભુની સાક્ષાત સેવા કરનારા દિવ્ય દેહવાળા ભકતોની મૃત્યુલોકમાં સ્થિતિ કેમ હોય શકે?

(લઘુરાસમાં પ્રભુએ શ્રી ગોપીજનોને સંયોગનું સુખ આપ્યું. આ સુખમાં તેઓ નિમગ્ર થઇ ગયા. પોતાને પૂર્ણ માનવા લાગ્યા. જેમ સાગરમાં પડેલું નાનું-મોટુ પાત્ર ભરાઇ જાઇ છે, પછી તેમાં બીજું જળ સમાતું નથી. તેમ ગોપીજનોને સંયોગનું સુખ મળવાથી તેમાં જ નિમગ્ન થઇ ગયા. પરન્તુ પ્રભુનું સ્વરૂપકે કે જે મહાસાગર જેવું અગણિત આનંદરૂપ છે તેને ધારણ ન કરી શકયા, ત્યારે પ્રભુએ વિપ્રયોગનું દાન કરી અગણિત આનંદને ધારણ કરી શકે તેવા પાત્ર બનાવ્યા.)

તેથી આવો જેને **અતિશય અનુગ્રહ** છે તેને ભૂતલમાં સ્વપ્ને પણ સુખ હોતું નથી. તેથી આવા અનુગ્રહવાળા ભાગ્યવાન જીવે વિચારવું કે પ્રભુ મને પોતાના લીલા ધામમાં લઇ જવા ચાહે છે.

માટે મારે ભૂતલમાં અલૌકિક સુખની પણ ઇચ્છા નહીં કરતા લીલા ધામમાં જવાનું જ લક્ષ રાખી નિરંતર વિપ્રયોગના અનુભવમાં જ ડૂબ્યા રહેવું જોઇએ. અથવા સેવા, સ્મરણ, ગુણગાન વિગેરે અલૌકિક સાધનો પણ તાપકલેશ, ભાવપૂર્વક કરવા. તે એવી રીતે કે મારા મસ્તકે બિરાજતું સેવ્ય સ્વરૂપ તો મહાન અલૌકિક કોટિ કન્દર્પ લાવણ્ય યુકત છે તેનો મને અનુભવ કયારે થશે? વળી મારા સેવ્ય સ્વરૂપમાં નિત્ય લીલાનો દિવ્ય પરિકર લીલાધામ લીલા સામગ્રી આ સર્વ રહેલું છે-તેનો મને અનુભવ કયારે થશે? આવો તાપ ભાવ સેવા-સ્મરણ-ગુણગાન વિગેરે અલૌકિક સાધનોમાં રાખવો જોઇએ. આવા પ્રકારના તાપભાવથી જ પ્રપંચનું વિસ્મય થતા અલૌકિક દેહ સિધ્ધ થાય છે અને અલૌકિક દેહથી લીલા ધામમાં પ્રવેશ થાય છે.

પદની પહેલી બે પંકિતનો ભાવાર્થ અહીં સુધી કહ્યો. અથવા આખા પદની ભૂમિકા પદની બે પંકિતથી કહીને હવે આગળ જીવને નિ:સાધન બનાવવા માટેના કારણોને કહે છે-

'મહા વ્યાધી તેનું તન પીડે પરદેશે ભટકાવું રે.'

મહા વ્યાધીથી દેહને પીડા ઉત્પન્ન કરવાનું કારણ દેહમાં પોતાપણાની મમતા આ દૈવી જીવને મહામાયાના મોહથી થઇ છે. પ્રભુથી દૈવી જીવ જયારથી વિછુર્યો ત્યારથી સંસાર પ્રપંચમાં અનેક જન્મોથી તેનું આવાગમન રહ્યું. પોતાના અલૌકિક સ્વરૂપને અને પોતાના સાચા સંબંધી પ્રભુને ભૂલી ગયો. ભૌતિક દેહને જ આત્મા માની તેના સુખ-દુ:ખમાં બંધાઇ ગયો. દેહમાં

અહંતા-મમતાની ગ્રંથી વજ્રલેપ જેવી દ્રઢ બની ગઇ. આવા જનમ-મરણ ના દુઃખમાં પટકી દેનારા દેહમાંથી અહંતા-મમતા કઢાવવા માટે પ્રભુ સ્વયં તેના દેહમાં મહાવ્યાધી ઉત્પન્ન કરે છે. અને જયારે આ મહાવ્યાધીથી જીવ પીડાય છે ત્યારે દુઃખ આપનારા દેહમાંથી તેની અહંતા-મમતા નીકળી જાય છે. દુઃખ દેનારા દેહ માંથી અહંતા-મમતા કાઢવા માટેજ મહાવ્યાધી ઉત્પન્ન કરે છે. જીવને જો આ મહા વ્યાધીનું દુઃખ નહી હોય તો સુખના સાધનરૂપ દેહથી નાશવંત સુખોમાં જ ડૂબ્યો રહે છે તેથી પ્રભુનો જેની ઉપર અતિશય અનુગ્રહ છે તેને દેહમાંથી અહંતા-મમતા કઢાવવા માટે મહાવ્યાધીને ઉત્પન્ન કરે છે.

શ્રીમદાચાર્યવર્ય સુ. ૩-૨૫ કારિકા. ૨૪-૨૫-૨૬માં આજ્ઞા કરે છે કે જાત-જાતના પણ તે તાપો સહન કરવા યોવ્ય છે. ભકત પણાને લીધે, ત્યાગ કરીને બલથી તે (તાપો) સહન કરાય છે, પછી વરદાનો પોતાની મેળે પ્રાપ્ત થાય છે, ભજન કરતા પણ તે તાપો ખરેખર ભગવાનની અધિક પ્રીતિ કરાવનારા છે. દુઃખોમાં વળી ભગવાનનો સદા સાક્ષાત્કાર થાય છે જ. દુઃખોનું કારણ દેહ વિગેરે વિષયોનો ત્યાગ કરી ચિત્ત ભગવાનમાં જ પરોવાયેલુ રહે છે. (કા. ૨૪-૨૫-૨૬),

પ્રભુના સાક્ષાત્કાર વિના દૈવી જીવ ત્રિવિધ પ્રકારના અવિદ્યાના બંધનમાંથી મુકત થઇ શકતો નથી. અને પ્રભુનો સાક્ષાત્કાર હૃદયમાં વ્યાપી ગયેલા વિવિધ પ્રકારના દુઃખોથી જ

થાય છે. દુઃખ વિના પ્રભુનો સાક્ષાત્કાર થતો નહીં હોવાથી, અને સાક્ષાત્કાર વિના દૈવી જીવ ત્રિવિધ પ્રકારના માયાના બંધનમાંથી મુકત થઇ, આધિદૈવિક દેહ પ્રાપ્ત કરી લીલાધામમાં પ્રવેશ કરી શકતો નથી. ઉપરોકત કારિકાની નિગૂઢ ભાવના વિચારતા દુઃખજ પરમ પુરૂષાર્થના શિખરે પહોંચાડનાર છે. અને તે કોઇક બડભાગી સ્વકીયત્વે અંગીકૃત જીવમાં જ પ્રભુ દાન કરે છે. આવા પ્રકારના દુઃખોથી જ દૈવી જીવ **અતિઅનુગ્રહનો** અધિકારી બને છે. વિવેક ધૈર્યાશ્રયમાં આપશ્રીએ ત્રિવિધ પ્રકારાના દુઃખોને સહન કરવાની આજ્ઞા કરી છે તેનું નિગૂઢ તાત્પર્ય પણ હવે સમજાઇ ગયું હશે.

દિન દિન રોગ કરત વિશ્રામ ।
ઔષધ પાની કીય બહુતેરે, નેક નહીં આરામ ॥૧॥
જો જીયકો સુખ ચાહે સખીરી! લે ચલીહો વહી ગામ ।
'રસિકપ્રીતમ' શ્રીવલ્લભવર, મહાવૈદ્ય જાકો નામ ॥૨॥

શ્રી હરિરાય પ્રભુના ઉપરોકત પદના ભાવાર્થ મુજબ દૈવી જીવને દેહમાંથી મમતા કઢાવવા માટે મહાવ્યાધી સાંપડી છે. 'લે ચલી હો વહી ગામ' આ કથન લીલા ધામના સંબંધવાળું છે તેથી ઉપરોકત પદનો ભાવાર્થ વિચારતા દૈવી જીવમાં મહાવ્યાધી ઉત્પન્ન કરી તેમાંથી અહંતા-મમતા કઢાવી પ્રભુ લીલાધામમાં આ જીવને લઇ જવા ચાહે છે. દૈવી જીવને બંધન તેના ભૌતિક દેહના સંબંધથી જ છે. આ ભૌતિક દેહના સંબંધથી જ તેનું સંસાર વૃક્ષ ફાલ્યું ફૂલ્યું છે. પતિ, પુત્રાદિક અથવા સ્ત્રી-પુત્રાદિક

પરિવારો, કુટુંબીઓ, વેવાઇ વેલાઓ આ વૃક્ષની શાખાઓ છે. સુખ અને દુઃખ તે વૃક્ષના ફળો છે, ભૂલો પડેલો દૈવી જીવ આ સંસાર વૃક્ષના સુખ દુઃખના ફળોનો અનુભવ કરી રહ્યો છે, પ્રભુ આ સંસાર વૃક્ષનું મૂળમાંથી છેદન કરવા માટે મહાવ્યાધી ઉત્પન્ન કરી દે છે. દેહનું અભિમાન ન થાય તે માટે પણ મહાવ્યાધી ઉત્પન્ન થાય છે. દેહ પુષ્ટ હોય તો તેનું પણ અભિમાન રહે છે. અને અભિમાન થી અનેક દોષ ઉત્પન્ન થાય છે. આવા દોષ ન થાય તે માટે દયાળુ પ્રભુ જીવનું હિત વિચારી દેહમાં દુઃખ ઉત્પન્ન કરે છે. દુઃખથી જીવમાં દીનતા આવે છે અને દીનતાથી કોઇને દુઃખ ન થાય તેવો સ્વભાવ રહી આવે છે તેથી પ્રભુની પ્રસન્નતા બની રહે છે.

પરદેશે ભટકાવું રે આ પરદેશમાં ભટકવાનો અનુભવ દયારામભાઇએ પોતે જ કરેલો છે. તેઓએ ભારતના તીર્થસ્થાનોમાં પરિભ્રમણ કર્યું છે. આવા પરિભ્રમણથી તેમના આત્માને શાંતિ મળી નથી. તેથી પોતાના અનુભવને જ કહેલો છે કે-**પરદેશે ભકટાવું રે.** જેની ઉપર પ્રભુનો અતિશય અનુગ્રહ છે તેવા જીવને પ્રભુ પોતાના ધર્મી સાક્ષાત સ્વરૂપથી જ આનંદનું દાન કરે છે. પણ જીવની વાસનાઓ પ્રભુના સ્વરૂપ સિવાય બીજેથી સુખ લેવાની હોય છે. તેથી હરિના સ્થાનોમાં તીર્થાટનના મીષે જાય છે, પણ ત્યાં તેને સુખનો અનુભવ થતો નથી. તેનું કારણ આજના કલિયુગના સમયમાં તીર્થસ્થાનોમાં દુષ્ટ લોકોનો

જ વાસ થયેલો છે. તેથી તીર્થોના આધિદૈવિક સ્વરૂપનું તિરોધાન થવાથી અલૌકિક સુખનો ત્યાં અનુભવ થતો નથી. મહાનુભવો કહી ગયા છે કે–

‘ જે તે હરિકે ધામ તહાં કામ ક્રોધ ક્રિડા કરે ’

હરિના ધામોમાં પણ કલિયુગ પેઠેલો હોવાથી કામ ક્રોધવાળા દુષ્ટ લોકોનો જ ત્યાં વાસ થયો છે. અતિશય અનુગ્રહવાળો જીવ આવો અનુભવ કરી લે છે ત્યારે તેનું મન તીર્થસ્થાનોમાંથી પણ નીકળી જાય છે. અને–

‘ જો સુખ નિજ ચોબારે સો નહીં ત્રિભુવનમેં ’

ઉપરની પંકિતમાં કહ્યા મુજબ પોતાના નિવાસ સ્થાનમાં રહીને સેવા સ્મરણ આદિથી પ્રભુની સન્મુખ રહીને અથવા પોતાના નિવાસ સ્થાનમાં રહીને પ્રભુના વિરહનો અનુભવ કરે છે. દયારામભાઇએ પણ પરદેશનો અનુભવ કરી લીધા પછી પોતાના વતન–સ્થાનમાં રહેવાના નિશ્ચયવાળા થયા હતા.

કૃષ્ણ વિરહ ગોકુલકી ગોપી ઘર હી મેં વન કીનો ।।
છાંડ આહાર વિહાર સબે સુખ, ઓર ન ચાહત કાઉ ।।
‘ પરમાનંદ ’ બસતહે ઘરમેં, જેસે રહત બટાઉ ।।

અતિશય અનુગ્રહવાળા જનો દેહ અને દેહના સંબંધીઓમાં અહંતા–મમતા વગરના થઇને, મુસાફરની જેમ ગૃહમાં રહીને પ્રભુના વિયોગ દુ:ખનો અનુભવ કરે છે. આવા જનનું પ્રભુ સ્વયં તેના વિરહભાવનું રક્ષણ કરતા હોય છે.

‘ સુહૃદ્ય બન્ધુ વેર કરાવું વિનતી ન મનમાં લાવું રે. ’

સુહૃદ્ય તેને કહેવાય કે સ્વાર્થ વગર આપણા સુખમાં સહકારી હોય. આવા લૌકિક સુખમાં સહકારી સુહૃદ્યોમાં જીવને મોહ થાય છે. તેને પોતાના માની લે છે. અને અલૌકિક-અગણિત આનંદને આપનારા આત્માના સંબંધી પ્રભુનો આશ્રય છોડી આવા લૌકિક સુહૃદ્યોનો આશ્રય કરે છે. આવું જીવની અજ્ઞાનતાથી બને છે. તે જીવ જાણતો નથી. તેથી દયાળુ પ્રભુ આવા સુહૃદ્યોનો આશ્રય છોડાવવા તેમાં વેરભાવ ઉત્પન્ન કરે છે.

શ્રીમદ્ ગોકુલમાં રહેતા એક વિરકત વૈષ્ણવ એક ડોકરી વૈષ્ણવ પાસેથી પાંચહજાર રૂપીયા લઇ-શ્રી ગુસાંઇજીને આપ્યા. પછી સમય જતા ડોકરીએ તે રૂપીયા વિરકત પાસે માગ્યા. અને તે સમયે વિરકત આપી ન શકયા, ત્યારે ડોકરીએ તેની સાથે ઝગડો કર્યો. ત્યારે વિરકત આ ડોકરીને સુહૃદ્ય સમજતો હતો તેમાંથી તેનો તે ભાવ દૂર થઇ ગયો. ડોકરીના આશ્રયમાંથી છોડાવવા અને પ્રભુનો જ આશ્રય કરાવવા આવું ચરિત્ર દયાસાગર શ્રી ગુસાંઇજીએ કર્યું હતું. આ પ્રસંગથી લૌકિક કે અલૌકિક સંબંધવાળા સુહૃદ્યોના આશ્રયમાંથી પ્રભુ છોડાવી પોતાના જ આશ્રિત બનાવવા માટે આવા સુહૃદ્યોમાં વેર કરાવે છે અથવા તેમાં અભાવ થાય તેવી લીલા કરે છે. જીવ અજ્ઞાનતાએ કરીને આવી સુક્ષ્મ બાબતને જાણતો નથી. પરંતુ પ્રભુએ આ જીવને પોતાનો માન્યો છે તેથી માયા-મોહના બંધનોમાંથી કૃપા કરીને છોડાવે છે.

બંધુ એટલે લૌકિક સંસારમાં દેહના સંબંધવાળા ભાઇઓ-કુટુંબીઓને જીવ પોતાના સમજી તેમાં સ્નેહ રાખે છે, તેમાંથી છોડાવવા પ્રભુ તેમની સાથે વેરભાવ ઉત્પન્ન કરે છે. પ્રભુને ભૂલાવી દેનારો દેહના સંબંધવાળો પરિવાર આત્માના નાશની સેનારૂપ છે તેમ શ્રી મહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે. અને શ્રી હરિરાયપ્રભુએ 'દુ:સંગ વિજ્ઞાન' નામના ગ્રંથમાં આવા પરિવારને દુ:સંગરૂપે ઓળખાવેલ છે. પ્રભુની પ્રાપ્તિ થવામાં જે પરિવાર સહકારી હોય તે તો પ્રભુના સંબંધવાળા હોવાથી બાધકરૂપ થતા નથી. જેમ બીજા વૈષ્ણવોના સંગથી પ્રભુ પ્રાપ્તિમાં આપણે સહકાર મેળવીએ છીએ તેમ ઘરનો પરિવાર પણ જો પ્રભુમાં અનુરાગવાળો હોય તો બાધકરૂપ થતો નથી.

વિનતી ન મનમાં લાવું રે દૈવી જીવને લૌકિક સુહૃદોમાંથી અને દુ:સંગરૂપ દેહના સંબંધીઓમાંથી છોડાવવા માટે પ્રભુ તેના સાથે વેરભાવ ઉત્પન્ન કરાવે છે. અને તેથી સંસારમાં દુ:ખ ઉત્પન્ન કરે છે. ત્યારે દૈવી જીવ આવા દુ:ખોમાંથી નિવૃત થવા પ્રભુને વિનતી કરે છે પણ પ્રભુ વિનતીનો સ્વીકાર કરી તેના દુ:ખને દૂર કરતા નથી. કારણ કે પ્રભુ જો દુ:ખ દૂર કરે તો આ અજ્ઞાની જીવ સંસારના સુખોમાં જ અટકી જઇ પ્રભુને ભૂલી જાય છે. તેથી દુ:ખ દૂર કરવાની વિનતીનો પ્રભુ સ્વીકાર કરતા નથી. આ પ્રકારે દેહના દુ:ખને દૂર કરવાની વિનતીનો પણ સ્વીકાર કરતા નથી.

સંસારનું સુખ તો તુચ્છ-નાશવંત અને જન્મ-મરણના

દુઃખમાં પટકી દેનારૂં છે. તેથી તે સુખતો દયાળુ પ્રભુ આપતા નથી. પણ અતિશય અનુગ્રહવાળા જીવને સંયોગનું સુખ સદા આપતા નથી. અને વિયોગ દુઃખનું દાન કરે છે. જે જીવને પ્રભુ વિપ્રયોગ દુઃખનું દાન કરે છે તેને વિપ્રયોગ દુઃખ સહન કરી શકે તેવા સામર્થ્યનું પણ પ્રભુ દાન કરે છે.

લઘુરાસમાં સંયોગ સુખનો અનુભવ પ્રભુએ ગોપીજનોને કરાવ્યો. પણ પ્રભુ અગણિતાનંદરૂપ છે તેવા અગણિતાનંદને ધારણ કરે તેવી પાત્રતા સંયોગથી સિદ્ધ ન થઇ. અતિ અનુગ્રહવાળાને પ્રભુ પોતાની સમાન અગણિતાનંદવાળા બનાવે છે તે તો વિપ્રયોગના અનુભવથી જ સિદ્ધ થાય છે તેથી પ્રભુએ શ્રી ગોપીજનોને માનમદના મિષથી વિપ્રયોગનું દાન કર્યું છે.

' નિંદાવું અપમાન કરાવું ચિત્ત ઉદ્વેગ ઉઠાવું રે '

દૈવી જીવ માર્ગનું જ્ઞાન મેળવે છે ત્યારે તેની બડાઇ થાય છે. અને તે મહાત્મીક જીવોથી પૂજાવા લાગે છે. અને તેથી પ્રભુ પ્રાપ્તિના માર્ગને ભૂલી જાય છે. અને જગતમાં પૂજાવાના કાર્યમાં ડુબ્યો રહે છે. આવા પૂજાવાના અનિષ્ટમાંથી છોડાવવા માટે પ્રભુ આ જીવની જેમ નીંદા થાય, તેનું અપમાન થાય તેવા ચરિત્રો કરતા હોય છે.

(બ્રહ્મ સંબંધ થયા પછી પુષ્ટિ માર્ગીય સાહિત્યના અવલોકનથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, ભકિતભાવ પણ પ્રાપ્ત થાય છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી આગળ ચાલતા બે માર્ગ નીકળે છે.

એક પ્રતિષ્ઠાનો, બીજો સાક્ષાત પ્રભુ પ્રાપ્તિનો. પ્રતિષ્ઠાનો માર્ગ ભૂતલમાં જ ડોલાવનારો અને પુષ્ટિ ફલથી પતન કરનારો-વંચિત રાખનારો કહી શકાય છે. અને પ્રભુ પ્રાપ્તિનો માર્ગ લીલા ધામમાં પહોંચાડનારો છે, પ્રભુના સાક્ષાત્કારની ચાહનાવાળો ભકત જેમ જેમ જ્ઞાન મેળવશે તેમ તેમ તાપભાવની વૃદ્ધિ કરતો હશે. તે વિરહના માર્ગે ચઢી જશે. હું કોણ? કયાંથી આવ્યો? પ્રભુ સાથે મારો શો સંબંધ? અસંખ્ય કાલથી નિત્ય સખા પ્રભુથી ભૂલા પડેલાને વિરહાગ્નિ વલ્લભની કૃપાથી જ્ઞાન થઇ જાય છે. અને પોતાના સ્થાને જવા અધીર બનેલો હોય છે. પ્રતિષ્ઠા તેની પાસે ફરકતી નથી.)

‘લાભ પૂજાર્થ યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ’

દૈવી જીવ માર્ગનું જ્ઞાન મેળવી, બીજાનો ઉપદેશક બની પૂજાવા લાગશે. અને સાક્ષાત પ્રભુ પ્રાપ્તિના માર્ગને ભૂલી જશે તેમ જાણીને શ્રી વલ્લભ પ્રભુએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં પ્રભુને વિજ્ઞાપન કરેલ છે કે જીવ અજ્ઞાની છે. તેના સાચા હિતને જાણતો નથી. તેને લાભ પૂજાવામાંથી છોડાવીને આપના ધર્મી સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરાવવા વિપ્રયોગનું દાન કરો. આવું વિજ્ઞાપન પ્રભુને કરેલું છે.

લાભ એટલે લૌકિક સ્વારથ કે જે નાશવંત છે. તેવા લાભને પ્રભુ સિદ્ધ થવા દેતા નથી. અને પૂજાવવામાંથી છોડાવવા માટે આ જીવની એવી બુદ્ધિ ઉપ્તન્ન કરે છે કે તેની નિંદા થાય અને

જયાં ત્યાં તેનું અપમાન થાય તેવા ચરિત્રો પ્રભુ આ જીવના હિત માટે કરતા હોય છે.

ગોધરાના રાણા વ્યાસ શાસ્ત્રોનો અભ્યાસ કરી મોટા પંડિત બનેલા અને શાસ્ત્રના વાદમાં બીજાને પરાજીત કરતા રહેતા તેનું તેમનામાં અભિમાન રહેતું. પ્રભુએ તેમના અભિમાનને દૂર કરવા બીજા પંડિતો સાથે વાદમાં હરાવ્યા. આ ચરિત્ર પ્રભુએ કર્યું છે.

ધીક વો ખાખ ફકીરી દિલસે ચાહ ન છુટી ।
માન બડાઇ જબતે પાઇ તબતે કીસ્મત ફુટી ।। ૧ ।।
પૂરી વિપત્તિ મહંતાઇ આઇ પ્રીત શ્યામસો ટુટી ।
મિલે 'રસિક' જબ નંદ દુલારો સંજીવન રસ બુટી ।। ૨ ।।

માન બડાઈથી પ્રભુ પ્રાપ્તિના માર્ગને ભૂલી જવાય છે તેથી દયાળુ પ્રભુ તેની નિંદા અપમાન થાય તેવા ચરિત્ર કરે છે. **ચિત્ત ઉદવેગ ઉઠાવું રે** ચિત્તમાં ઉદવેગ પ્રભુજ ઉત્પન્ન કરે છે. આ ઉદવેગના બે કારણો છે. એક ભગવદીયોના અપરાધ કરેલા હોય છે તેનું નિવારણ કરવા જીવને ઉદવેગ ઉત્પન્ન થાય છે. ઉદવેગથી પ્રભુના સેવા-સ્મરણ-ગુણગાન વિગેરે સાધનોમાં આ જીવને પ્રતિબંધ થાય છે. ત્યારે તેને દુઃખ થાય છે. આવા દુઃખને ભોગવી લેવાથી ભગવદીયોના અપરાધનું નિવારણ થાય છે. જીવ જો સદૈવ દીનતા ભાવવાળો રહી આવે તો કોઇ પણ પ્રકારના અપરાધ નહીં બને અને તેથી પ્રભુની પણ પ્રસન્નતા

રહી આવશે. દૈવી જીવોએ પોતાના હિતનો વિચાર કરી સદૈવ દીનતાભાવ રાખવા પ્રયત્ન કરવો. દેહમાં વ્યાધીઓ થવાનું કારણ ભગવદીયોના અપરાધો પણ માની શકાય છે.

બીજા પ્રકારના ઉદ્વેગમાં આ જીવ પ્રભુને છોડીને લૌકિક સુખોમાં અને પૂજાવવામાં અટકી જાય છે. તેમાંથી છોડાવવા માટે તેના મનમાં ઉદ્વેગ મુકે છે. આવા ઉદ્વેગથી તેનું મન કંઇ સ્વસ્થ થઇ શકતું નથી. ત્યારે હારીને તે મન પ્રભુ પ્રાપ્તિમાં રૂચિવાળુ થાય છે. મનને પોતાના સ્વરૂપમાં લગાડવા માટે ઉદ્વેગ ઉત્પન્ન કરે છે. તેથી નવરત્ન ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

‘ લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ’

અતિશય અનુગ્રહવાળા જીવને પ્રભુ લોકમાં અને વેદના ધર્મ માર્ગમાં સ્વસ્થ થવા દેતા નથી.

શ્રી મહાપ્રભુજીનો ભૂતલ પ્રાદુર્ભાવ, લીલા ધામથી વિછુરેલા સ્વકીયોને લીલા ધામમાં પહોંચાડવા માટે જ થયો છે. જયારે આ દૈવી જીવોને લીલા ધામમાં જ પહોંચાડવા છે તો પછી તેને ભૂતલમાં સ્વસ્થ થવા કેમ દે ? **અંગીકૃતો સમર્યાદઃ** આ નામમાં શ્રી ગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે શ્રી મહાપ્રભુજી જે દૈવી જીવોને અંગીકાર કરે છે તે તાપભાવ સહિતની મર્યાદાથી અંગીકાર કરે છે. એટલે કે તેવા સ્વકીય ભકતોમાં આપશ્રી પોતાના વિપ્રયોગ-તાપાત્મક સ્વરૂપથી પ્રવેશ કરી તેના તાપભાવની વૃદ્ધિ કરી આધિદૈવિક દેહને સિદ્ધ કરી લીલા ધામમાં

પહોંચાડે છે. લીલા ધામમાં બીરાજતું પુષ્ટિ પુરૂષોત્તમનું સ્વરૂપ અગણિતાનંદના ભોકતા છે. આવા પ્રભુની તત્સુખાત્મક સેવા, અગણિતાનંદને ધારણ કરનારા ભકતોથી જ થઇ શકે. ભૂતલસ્થ ભકતમાં અગણિતાનંદને ધારણ કરી શકે તેવો આધિદૈવિક દેહ શ્રી મહાપ્રભુજીના વિપ્રયોગ-તાપાત્મક સ્વરૂપના આશ્રયથી સિદ્ધ થાય છે. જેનામાં આ તાપાત્મક સ્વરૂપનો પ્રવેશ થયો છે તેને ભૂતલમાં સ્વસ્થતા રહી શકતી નથી.

‘ ધન હાની લૌકિક કલેશ બહુ કષ્ટે કરી જીવાડુ રે ’

ધન મળવાથી જીવને અભિમાન થાય અને લૌકિક સુખમાં ડુબી જાય, તેથી પ્રભુને ભુલી જાય. આવું ન બને તે માટે ધનનો નાશ કરે છે. અથવા ધન વગરનો રાખે છે. આમ ધન હાનીથી દુઃખ અને બીજા પ્રકારનું પણ લૌકિક દુઃખ આપી આ જીવને કષ્ટમાં જીવાડે છે. તે વૈરાગ્ય થવા માટે છે. દુઃખથી જીવમાં વૈરાગ્ય આવે છે ત્યારે, તેનું મન દેહમાંથી અને દેહના સંબંધી સંસાર સુખમાંથી નીકળી પ્રભુમાં લાગે છે.

‘ સંચીત ને ક્રીયમાણ દોષ, પ્રારબ્ધ ન સંભવે જેને રે ’

સંચીત એટલે પાછળના જન્મમાં એકઠા થયેલા દોષો. **પ્રારબ્ધ** એટલે પાછળના જન્મમાં જે દોષો ભોગવતા બાકી રહ્યા હોય તે પ્રારબ્ધ દોષ. અને **ક્રીયમાણ** એટલે ચાલુ જન્મમાં થતા દોષો. આ ત્રણે પ્રકારના દોષો, જીવ જયારે નિઃસાધન બની પ્રભુને શરણે જાય છે. અને પ્રભુએ આ જીવનું શરણ સ્વીકારી

લીધું હોય છે. ત્યારે નિવૃત થઇ જાય છે. અથવા નિ:સાધન બનેલા જીવનું પ્રભુ શરણ સ્વીકારીને તેને અગણિત આનંદનો અનુભવ કરાવવા વિપ્રયોગ દુઃખનું દાન કરે છે. આ વિપ્રયોગ દુઃખમાં રહેલા જીવના સાગર સમાન અપરાધોને એક બુંદ સમાન પણ માનતા નથી. તેથી મહાનુભવ સૂરદાસજી કહે છે કે-

'દાસ અપરાધ જાન સિન્ધુ સમ બુંદ ન એકો માન'

વિરહીજનો માં પ્રભુની બહુ મોટો પક્ષપાત હોય છે તેથી સાગર સમાન અપરાધોને એક બુંદ સમાન પણ માનતા નથી અને વિરહીજનનો જ પક્ષપાત કરે છે.

'કુન્તી સુત અતિ વલ્લભ મુજને, જાુઓ અતિ દુઃખ તેને રે'

પાંચ પાંડવ પ્રભુના ભકત હતા તેથી પ્રભુને અતિ વહાલા હતા. પ્રભુને જે જન અતિ વહાલા હોય છે તેને ભૂતલમાં અતિ દુઃખ હોય છે.

'પાપ જનીત જે તાપ દાસનો કેમ ન ટળે મુજ નામે રે'

અનેક જન્મોના એકઠા થયેલા અને પર્વત જેવા મોટા પાપ સમૂહને, હરિનુ એક જ વખત લીધેલું નામ બાળીને ભસ્મ કરી નાખે છે. તેવો હરિના નામનો પ્રતાપ હોવા છતાં અને હરિના નામનું સ્મરણ સતત કરવા છતાં જે જીવને પ્રભુએ પોતાનો દાસ માનેલો છે તેના તાપની નિવૃતિ થતી નથી. કારણ કે તાપ એટલે દુઃખ. આ દુઃખની પ્રભુ નિવૃતિ કરે તો જીવ પ્રભુના સાક્ષાત સ્વરૂપથી મળતા આનંદ સીવાય બીજા લૌકિક અલૌકિક અલ્પ

સુખોમાં અટકી જાય. અને આ સુખોથી પ્રભુને ભૂલી જાય છે તેથી પ્રભુ તેના દુઃખને દૂર કરતા નથી.

‘ મુજ રૂચિ જનીત કષ્ટ નવ ચાલે, ઉપાય બલ તે ઠામે રે ’

જે જીવ ઉપર પ્રભુનો અતિશય અનુગ્રહ છે તેને પ્રભુ દુઃખમાં જ રાખે છે. પ્રભુની આ જીવ માટે તેવી જ ઇચ્છા હોવાથી દુઃખને દૂર કરવા જીવ જે ઉપાયો કરે છે તેનાથી દુઃખ દૂર થતાં નથી. પ્રભુ આ જીવનું દુઃખ દૂર કરતા નથી તેનું કારણ જીવમાં પૂર્ણ વૈરાગ્ય લાવવા માટે છે. દુઃખથી વૈરાગ્ય થતા આ જીવનું મન, ભૂતલના લૌકિક કે પ્રભુના સાક્ષાત સ્વરૂપ સિવાય બીજા અલૌકિક સુખોમાંથી નીકળી જઇ પ્રભુના ધર્મી સાક્ષાત સ્વરૂપના આશ્રયવાળું બને છે. અથવા લૌકિક-અલૌકિક સુખોમાંથી નીકળી ગયેલું મન પ્રભુના ધર્મી સાક્ષાત સ્વરૂપમાં પ્રવેશ કરવાને યોગ્ય બને છે. અને મનનો પ્રભુના સ્વરૂપમાં પ્રવેશ થતાંજ આ જીવને અલૌકિક દેહની પ્રાપ્તિ થઇ જાય છે. આ અલૌકિક દેહથી તેનો લીલાધામમાં પ્રવેશ થઇ જાય છે. આ વિષયને સમજવા માટે દૃષ્ટાંત નીચે મુજબ છે.

જેમ પરદેશમાંથી પોતાના વતનમાં જનારો મનુષ્ય ટીકીટ લઇને ગાડીની રાહ જોતો બેઠો હોય છે. અને ગાડી આવતા તેમાં બેસી પોતાના વતનમાં પહોંચી જાય છે. તેમ ભૂતલમાં દુઃખનો એકધારો અનુભવ કરવાથી આ જીવને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, અને વૈરાગ્યથી તેનું મન બધેથી નીકળી જાય છે.

(શ્રીમદાચાર્ય ચરણ સુ. ૩-૩૨-૨૭ માં આજ્ઞા કરે છે' **સર્વ શાસ્ત્રોનું ફલ વૈરાગ્ય છે.**' જેઓ વૈરાગ્યને અપનાવતા નથી તેઓ પુષ્ટિફલથી વંચિત રહે છે. પુષ્ટિમાર્ગ-(રતિપથ) ઠોર મઠરીમાં રાચવાનો નથી. દિવ્ય પ્રેમ ત્યાગ પ્રધાન છે. ત્યાગનું ઉપનામ વૈરાગ્ય છે.

'બીન વૈરાગ્ય નહી પાઇએ ગિરધરકો અનુરાગ'

લીલા ધામમાં પહોંચાડનારો આ વૈરાગ્ય-વિરહરૂપ છે. ખરેજ પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય વિરહરૂપ જ છે.) મનનું બધેથી નીકળી જવું તેનું નામ વતનમાં જવાની ટીકીટ મળી ગઇ. જે જીવમાં પ્રભુનો અતિશય અનુગ્રહ છે તેને લીલા ધામમાં પ્રવેશ કરાવવો છે. વળી આવા ભાગ્યવાન જીવને પ્રભુએ પોતાના મહાન દિવ્ય અગણિત આનંદ સ્વરૂપનું અને લીલા ધામના મહાન દીવ્ય વૈભવનું જ્ઞાન કરાવેલુ હોય છે. તેથી આ દૈવી જીવ લીલા ધામમાં પ્રવેશ કરવા માટે અધિર થઇ ગયેલો હોય છે. તેનું મન બધેથી નીકળી જવાથી, અને આ જીવ પ્રભુના સ્વરૂપનું અતિ દુઃખ પુર્વક ચિંતન-ધ્યાન કરતો હોવાથી બધેથી નીકળી ગયેલું તેનું મન પ્રભુના માનસી ભાવાત્મક સ્વરૂપમાં પ્રવેશ કરી જાય છે. અને પ્રભુના સ્વરૂપમાં મનનો પ્રવેશ થતાં તે જ ક્ષણે તેને અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે. અને આ અલૌકિક દેહથી તેનો લીલા ધામમાં પ્રવેશ થઇ જાય છે. (આ કથનની પુષ્ટતા માટે જાુઓ સુ. ૧૦-૪૩-૩૨ માં) તેનું નામ વતનમાં પહોંચવું છે.

ભૂતલમાં લૌકિક કે અલૌકિક સુખ (**ભૂતલમાં અલૌકિક**

સુખ આપતા નથી. આ કથનનું સ્વારસ્ય ભૂતલસ્થ ભૌતિક અધ્યાસવાળો દૈવી જીવ જે અલૌકિક ભગવદ સંબંધી આનંદનો અનુભવ કરે છે તે અલ્પ જ હોય છે. અને આ અલ્પ આનંદમાં સ્વસ્થ થવાથી તેની વિષયાનંદમાં ગણત્રી થાય છે. તેથી અતિ અનુગ્રહીતને આવા અલ્પ સુખમાં સ્વસ્થ થવા દેતા નથી.) આપતા નથી અને એકધારા દુઃખનો જ અનુભવ કરાવે છે. તેમાં પ્રભુને આ જીવને લીલા ધામમાં લઇ જવો છે. પ્રભુની આવી અતિશય કૃપાને સમજીને ભાગ્યવાન જનોએ ભૂતલના બન્ને પ્રકારના સુખોમાંથી મનને નિવૃત કરી લીલા ધામમાં પહોંચવાનું જ લક્ષ રાખી, નિરંતર પ્રભુના સ્વરૂપનું ધ્યાન અને ચાતકની જેમ આર્તભાવ પૂર્વક નામનું સ્મરણ કરતા રહેવું.

જયાંથી હું અનેક જન્મોથી ભૂલો પડયો છું. અને સંસારના ગાઢ અરણ્યમાં અટવાયા કરૂં છું તેમાંથી નીકળી મારા અવિચલ દિવ્ય લીલા ધામમાં જ પહોંચવું છે. આવું દૃઢ લક્ષ રાખવાથી પણ મન બધેથી નીકળી જાય છે અને લીલા ધામમાં પ્રવેશને યોગ્ય બને છે.

પ્રભુની અતિ કૃપાથી જે ભાગ્યવાન જીવને લીલા ધામના મહાન દિવ્ય વૈભવનું જ્ઞાન થયું છે. તે ભૂતલના લૌકિક તુચ્છ સુખને તો સ્વીકારતો જ નથી, પરન્તુ ભૂતલના અલ્પ અલૌકિક સુખોમાં પણ તેને વૈરાગ્ય ઉત્પન્ન થઇ જાય છે. (આ કથનની સંગતિમાં શિક્ષાપત્ર ૧૮-૪ નો શ્લોક-

'વિરહેણ હરિસ્ફૂર્ત્યા સર્વત્ર કલેશ ભાવનાત ।
લીલાતિરિકત સૃષ્ટા હિ નિરાનંદત્વ નિશ્ચયાત ।। '

લીલાતિરિકત શબ્દ લીલા ધામ સિવાયની ભૂતલની સૃષ્ટિ જે લૌકિક અને ભૌતિક અધ્યાસવાળી ભગવદ સંબંધી અલૌકિક સૃષ્ટિમાં પણ નિરાનંદતા વિરહી જનોને ભાસે છે, કારણ કે આ વિરહીજનને લીલા ધામના મહાન વૈભવનું જ્ઞાન થયેલું હોવાથી ભૂતલની લૌકિક કે ભૌતિક અધ્યાસ વાળી ભગવદ સંબંધી અલૌકિક સૃષ્ટિમાં નિરાનંદતા દેખાય છે. યદિ જો નિરાનંદતામાં
ભૂતલની ભૌતિક અધ્યાસવાળી અલૌકિક સૃષ્ટિ ન માનીએ તો વિરહેણ હરિસ્ફૂર્ત્યા આ કથન નિરર્થક બને છે. કારણ કે વિરહમાં લીલા ધામસ્થ સ્વરૂપ સિવાય સર્વનો ત્યાગ જ હોય છે. શ્રીમત્પ્રભુચરણ સુ. ૧૦-૧૯-૧૬ ના ટિપ્પણીજીમાં આજ્ઞા કરે છે કે 'લીલા સુષ્ટિ તો અલૌકિક છે. 'અજન્ય' એટલે નિત્ય છે. પૃથ્વી વિગેરેની અંદર તેનું સ્થાન નથી. કારણ કે તે તો બ્રહ્મવત છે. આ બાબત વિદ્વન મંડનમાં આપે વિસ્તારથી કહી છે.) અને આવા વૈરાગ્યથી જ તેનું મન બધેથી નિવૃત થઇ લીલા ધામમાં પ્રવેશને યોગ્ય બને છે.

' અકળ અટપટી લીલામાહે, કશુ કળ્યુ નવ જાયે રે '

પ્રભુની લીલા અટપટી છે. એટલે જીવથી સમજી શકાય તેવી નથી. આ બાબતને સમજવા નીચેની પંકિતમાં કહે છે.

કેટલાક જનને ચલાવું અનીતે, તદપિ ન દુઃખી તે થાયે રે ।
કરૂં ન થવાનું થવું મટાડું હું સ્વતંત્ર સહુ ભાંતે રે ।।

કેટલાક જનને ચલાવું અનીતે તેનો અર્થ શ્રી ગોપીજનોએ લોક વેદની મર્યાદાને તોડી પ્રભુને ભજયા હતા. લોક વેદની મર્યાદાનો ત્યાગ કરવો તે નીતિનું કાર્ય નથી, પણ લોક-વેદના નિયમ મુજબ અનીતિનું કાર્ય છે. આવી અનીતિનું કાર્ય શ્રી ગોપીજનોએ પ્રભુના સુખાર્થે કર્યું. તેથી અનીતિથી થતાં દુઃખના અનુભવનો પ્રભુએ તેમને સ્પર્શ પણ થવા ન દીધો. ખરી રીતે પ્રભુજ દૈવી જીવોના પતિ છે. સર્વના ત્યાગ પૂર્વક આત્માના પતિ પ્રભુને સેવવા એજ વાસ્તવીક નીતિ અગર ધર્મ છે. વળી પુષ્ટિમાર્ગ પ્રભુએ પોતાની સેવા માટે જ પ્રકટ કર્યો છે. તેથી પુષ્ટિ સૃષ્ટિના જનો લોક-વેદની મર્યાદામાં બંધાતા નથી. અથવા લોક-વેદની મર્યાદા પુષ્ટિમાર્ગના પ્રેમી ભકતોને બંધન કરી શકતી નથી. કારણ કે આ દિવ્ય પ્રેમ માર્ગ સ્વતંત્ર છે. તેને લોક-વેદના નિયમો લાગુ પડતા નથી.

કરૂં ન થવાનુ થવુ મટાડું તેનો અર્થ ચોરાશી વૈષ્ણવમાં માધવદાસે વેશ્યા રાખી. વેશ્યામાં આસકત બની ગયા હતાં. વૈષ્ણવ થયા પછી વેશ્યા રાખવાની બુદ્ધિ વૈષ્ણવ હોય તેની ન જ થાય. આ વેશ્યા રાખવાની બુદ્ધિ પ્રભુએ જ ઉત્પન્ન કરી છે. તે **ન થવાનું કર્યું**. અને વેશ્યા રાખવાથી પ્રભુથી વિમુખતા થાય, તેથી નરકમાં પાત થાય. આ નરકમાં પાત થવાનું પ્રભુએ મટાડી દીધું.

કારણ કે તે બધુ પ્રભુની ઇચ્છાથી બન્યું છે. (વેશ્યા દૈવી જીવ હતી તેને લોકમાં જતી અટકાવી પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવવા માટે પ્રભુએ વેશ્યામાં માધવદાસ તરફ પ્રેમ ઉત્પન્ન કર્યો. અને માધવદાસનો પ્રેમ વેશ્યામાં કરાવ્યો. વેશ્યાની માધવદાસમાં આસકિત દઢ થઇ ત્યારે માધવદાસનો સંગ છોડાવી દીધો. શ્રી ગુસાંઇજી વેશ્યાના ગામમાં પધાર્યા ત્યારે વેશ્યા શ્રી ગુસાંઇજીને શરણે થઇ છે. શ્રી ઠાકુરજી પધરાવી સેવામાં પ્રવૃત્ત થઇ છે. પ્રભુના એક કાર્યમાં અનેક પ્રયોજનો રહેલા છે. તે સર્વ દૈવી જીવોના હિતમાં જ હોય છે. પ્રભુ પ્રમાણ અને પ્રમેય બન્ને રીતે દૈવી જીવોના ઉદ્ધારનું કાર્ય કરે છે. હિન દશાવાળા જીવમાં પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી કાર્ય કરે છે ત્યારે શાસ્ત્રોની મર્યાદાને સહન કરતા નથી. વર્તમાનમાં કલિકાલના પ્રબલ દોષોએ કરીને દૈવી જીવ હિન દશાવાળો બનતો જાય છે. આવા જીવોનો ઉદ્ધાર પુષ્ટિ પ્રભુ પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી કરે છે. આવો પક્ષપાત પુષ્ટિ જીવો માટે છે, મર્યાદા જીવો માટે નથી.) તેથી કહ્યું **થવું મટાડું.** માધવદાસનું વેશ્યા રાખવાનું કાર્ય લોક–વેદના નિયમોથી વિરૂદ્ધ છે. આવું વિરૂદ્ધ કાર્ય પ્રભુએ કરાવ્યું તેનું કારણ પુષ્ટિ પ્રભુ સ્વતંત્ર છે. સ્વતંત્ર હોય તે કોઇ પણ નિયમમાં બંધાતા નથી. પોતે ચાહે તેમ કરે. જેમ રાજા સ્વતંત્ર છે. રાજાએ પ્રજાને માટે નિયમો બનાવેલા છે, તે નિયમો રાજાને લાગુ ન પડે. તેમ પ્રભુએ પ્રવાહી અને મર્યાદા સૃષ્ટિ માટે શાસ્ત્રોના નિયમો કરેલા છે. તે નિયમોમાં પ્રવાહી અને મર્યાદા સૃષ્ટિને રહેવું

જોઇએ. અને પુષ્ટિ સૃષ્ટિ માટે પ્રભુ શાસ્ત્રોના નિયમોને છોડીને પોતાની સ્વતંત્ર ઇચ્છાથી કાર્ય કરતા હોય છે. અને શાસ્ત્રોના નિયમોથી વિરૂદ્ધ પુષ્ટિ સૃષ્ટિ માટે પ્રભુ જે કાર્ય કરતા હોય છે તેમાં પુષ્ટિ-સૃષ્ટિનું કંઇ અનિષ્ટ થતું નથી તેને સમજવા નીચેની પંકિતમાં કહે છે.

'તદ્દપિ નિજજન અહિત કદાપિ, ન જ કરૂં કોઇ વાતે રે.'

લોક-વેદથી વિરૂદ્ધ કાર્ય કરાવવા છતાં પ્રભુ પુષ્ટિ સૃષ્ટિના જનોનું અહિત થવા દેતા નથી. પુષ્ટિ સૃષ્ટિના કાર્યમાં પ્રભુ પ્રમાણની મર્યાદાને ઉલંઘીને પોતાના સ્વતંત્ર પ્રમેય બલથી કાર્ય કરે છે. પુષ્ટિ સૃષ્ટિને માટે પ્રભુનો આવો પક્ષપાત છે. તેથી આગળની પંકિતમાં કહે છે-

'મુજ ઇચ્છા નહી શાસ્ત્ર નિયામક, મને ગમ્યું તે ન્યાય રે.'

રાજાધીરાજ પ્રભુને શાસ્ત્રોના નિયમો બાંધી શકતા નથી. પુષ્ટિ સૃષ્ટિ માટે પ્રભુ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી કાર્ય કરે છે તેથી પ્રભુને જે ગમ્યું તે જ ન્યાય છે.

નિજભકતો શ્રી ગોપીજનોના નિરોધ માટે પ્રભુએ લોક-વેદની મર્યાદાથી વિરૂદ્ધ લીલાઓ કરી છે. જેમ કે માખણ ચોરી, પનઘટલીલા, દાનલીલા, વસ્ત્રહરણલીલા વિગેરે લોક વેદથી વિરૂદ્ધ નિજ પુષ્ટિ સૃષ્ટિ માટે પોતાની સ્વતંત્ર ઇચ્છાથી કરેલી છે. તેથી કહ્યું **મને ગમ્યું તે ન્યાય રે.**

'કુકૃતિ ભકત કદી નિજ રૂચિમાનું, અવળું સવળું થાય રે.'

બસો બાવન વૈષ્ણવમાં એક ચોરને શ્રી ગુસાંઇજીએ શરણે લીધો. પછી આપે આજ્ઞા કરી કે તું ચોરી કરીશ નહીં. ત્યારે ચોર વૈષ્ણવે કહ્યું કે મહારાજ ચોરી કર્યા વગર તો હું રહી નહીં શકું. ત્યારે શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી કે ભલે ચોરી કરજે પણ ગરીબોના ઘરમાં નહીં કરતા મોટા સ્થાને કરજે. અને સત્ય બોલજે. પછી આ ચોર વૈષ્ણવે રાજાના મહેલમાં ચોરી કરી. પછી રાજાના માણસો તેને પકડી રાજા પાસે લઇ ગયા ત્યારે તેને સત્ય કહ્યું કે ચોરી મેં કરી છે. પછી રાજાએ આ સત્ય બોલનાર ચોર વૈષ્ણવની કદર કરીને દિવાન બનાવેલ છે. ચોરમાંથી દિવાન બન્યો. **આ અવળુ સવળ થયું.** શાસ્ત્રોના નિયમોથી વિરૂદ્ધ કાર્યના અનેક દષ્ટાંતો ચોરાશી બસો બાવનના જીવન ચરિત્રમાંથી મળી રહે છે.

(વેદની મર્યાદામાં બંધાયેલું મર્યાદા પુરૂષોત્તમનું સ્વરૂપ, ચોરને ચોરી કરવાની આજ્ઞા ન કરી શકે તે તો પુષ્ટિ પુરૂષોત્તમથી જ થઇ શકે. કારણ કે પુષ્ટિ પુરૂષોત્તમ વેદાતીત છે. અને નિજજનોના ઉદ્ધાર માટે પોતાના સ્વતંત્ર પ્રમેયબલથી કાર્ય કરનારા છે. જે સર્વતંત્ર-સ્વતંત્ર હોય તેને કઇ મર્યાદા બાંધી શકે ? કર્તુમ-અકર્તુમ-અન્યથા કર્તુમ. એવું વિરૂદ્ધ ધર્માશ્રય ઐશ્વર્ય પુષ્ટિ પ્રભુમાં જ રહેલું છે, તેથી નિજ ભકતોના ઉદ્ધારમાં સ્વતંત્ર પ્રમેય બલનો ઉપયોગ કરે છે.)

જે જનમાં પ્રભુનો અતિશય અનુગ્રહ છે તેને પ્રેમલક્ષણા ભકિતનું દાન કરે છે. આવા દિવ્ય પ્રેમના માર્ગે ચાલનારા જનો

માટે પુષ્ટિ માર્ગની મર્યાદાને છોડીને પોતાના સ્વરૂપના સ્વતંત્ર પ્રમેય બલથી કાર્ય કરે છે. તેનું દષ્ટાંત દક્ષિણના બ્રાહ્મણ-બ્રાહ્મણી વૈષ્ણવો છે. આ બન્નેને શ્રીજીના દર્શનનો ઘણો તાપ રહી આવતો હતો. એક વખત આ બન્ને શ્રીજીના દર્શન કરવા શ્રી ગિરિરાજજી આવે છે. અને બન્ને શ્રીજીના દર્શન કરવા મંદિરમાં જાય છે. વૈષ્ણવોની બહુ ભીડ હોવાથી સ્ત્રી વૈષ્ણવ શ્રીજીની નીકટ જઇ દર્શન કરી શકતા નથી. તેથી તેમને ઘણો તાપ ઉત્પન્ન થઇ ગયો. આ તાપ શ્રીજીથી સહન ન થયો, તેથી શ્રીજીએ તેની પાસે પધારી તેનો હસ્ત પકડી તેના તેજ ભૌતિક દેહથી નિત્ય લીલામાં પ્રવેશ કરાવી દીધો. આ શ્રીજીનું કાર્ય સ્વતંત્ર પ્રમેય બલનું છે. પુષ્ટિની મર્યાદા, અલૌકિક દેહ મળ્યા પછી લીલામાં પ્રવેશ થાય તેવા પ્રકારની છે. પરન્તુ તે બ્રાહ્મણી વૈષ્ણવના અતિશય તાપથી શ્રીજીએ પુષ્ટિની મર્યાદાને છોડીને તેના ભૌતિક દેહથી જ લીલામાં પ્રવેશ કરાવ્યો. આ પ્રસંગથી એ રહસ્ય જાણવા મળે છે કે જો પ્રભુ પ્રાપ્તિનો પ્રચુર તાપકલેશ પ્રકટ થઇ જાય તો પ્રભુ પ્રાપ્તિમાં વિલંબ થતો નથી. વસ્તુતઃ પ્રભુ પ્રાપ્તિના પ્રચુર તાપકલેશમાં શ્રી વલ્લભનું તાપાત્મક સ્વરૂપ રહેલું છે. શ્રી વલ્લભના આ તાપાત્મક સ્વરૂપની જે જન ઉપર કૃપા છે તેવા જનનું પ્રભુ પુષ્ટિની મર્યાદા છોડી સ્વતંત્ર પ્રમેય બલથી કાર્ય કરે છે. સ્વતંત્ર પ્રમેય બલમાં કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ એવું પ્રભુનું સામર્થ્ય રહેલુ છે.

'હું સર્વજ્ઞ કાળ કર્માદિક મુજ આધિન લ્યો જાણી રે.'

પ્રભુ સર્વજ્ઞ છે. સર્વજ્ઞ હોય તે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન ત્રણે કાળનું જાણે છે. પુષ્ટિ માર્ગમાં ' **કાળ** 'નો અર્થ પ્રભુની ઇચ્છા થાય છે. અને પ્રભુની ઇચ્છા જે પુષ્ટિ સૃષ્ટિના જીવો સાથે ભૂતલમાં લીલા કરવાની છે. (જેની સાથે પુષ્ટિ પ્રભુ ભૂતલમાં લીલા કરવાની ઇચ્છા કરે છે તેવા દૈવી જીવોના અધિકારમાં, અને જેને લીલા ધામમાં પ્રવેશ કરાવવા વિપ્રયોગ દુ:ખનું દાન કર્યું છે, તેવા દૈવી જીવોના અધિકારમાં તારતમ્ય રહેલું છે. અર્થાત આ બન્નેનો અધિકાર એક સમાન નથી. અધિકાર પણ ત્રણ પ્રકારના છે, (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) હિન (કનિષ્ઠ). અધિકાર અનુસાર પ્રભુ તે ભકતોમાં લીલા કરે છે. ફલનો અનુભવ પણ અધિકાર અનુસાર થાય છે. આ વિષયને સમજવા શ્રીમદાચાર્ય ચરણકૃત ' **સેવાફલ** ' ગ્રંથ અવલોકવો.) આ લીલા કરવામાં ઉત્તમ અને હીન જે જે કર્મો પુષ્ટિ સૃષ્ટિના જનોમાં થતા હોય છે તે બધા પ્રભુની ઇચ્છાથી જ થતા હોય છે, હવે જયારે ઉત્તમ અને હિન કાર્યો પ્રભુની ઇચ્છાથી જ થાય છે તો હિન કર્મોથી જીવોનું શું અનિષ્ટ થવાનું છે? ઉત્તમ અને હિન બધાય કર્મો પ્રભુની લીલામાં ઉપયોગી જ બન્યા. આમ ઉત્તમ કે હિન કર્મોમાં પ્રભુની ઇચ્છા સમજનારને કર્મોનું બંધન રહેતું નથી. કારણ કે હિન કર્મો પણ પ્રભુની ઇચ્છાથી જ થાય છે. તેથી માધવદાસજીએ વેશ્યા રાખી. ગુલાબદાસજીએ વેશ્યા રાખી. અને એક કોઢીયા વૈષ્ણવનો કોઢ મટાડનાર વૈષ્ણવ પણ વેશ્યામાં જ આસકત હતા.

આ બધાના હિન કર્મો પ્રભુની ઇચ્છાથી જ થયેલા હોવાથી તેમનો ઉધ્ધાર પ્રભુએ જ કરેલો છે. આવા હિન કર્મો વાળા જીવોનો ઉધ્ધાર કરીને પુષ્ટિ પ્રભુએ પોતાના અસાધારણ સામર્થ્યને જ જણાવ્યું છે. તેથી અન્તીમ પંકિતમાં કહે છે કે–

“દયાપ્રીતમ’ કહે શ્રીવલ્લભજન, નહીં દુભવું ધ્રુવ વાણી રે’

શ્રી વલ્લભના પ્રકટ કરેલા માર્ગમાં, શ્રી વલ્લભની કાનીથી જેનો અંગીકાર થયો છે. અને તેના ઉત્તમ કે હિન કર્મો મારી લીલામાં જ ઉપયોગી થાય છે તેથી તે જીવોને હું મારા લીલા ધામમાં જ પહોંચાડીશ તેથી કહ્યું–**‘શ્રી વલ્લભજન નહીં દુભવું ધ્રુવ વાણી રે.’**

વેશ્યા રાખેલા ગુલાબદાસ પાસે બે વૈષ્ણવને શ્રી ગુસાંઇજી મોકલે છે. આ વૈષ્ણવો ગુલાબદાસ પાસે આવીને શ્રી ગુસાંઇજીનું સ્મરણ કરાવે છે. બે વખત શ્રી ગુસાંઇજીનું સ્મરણ કરાવ્યું અને ત્રીજી વખતના સ્મરણ સાથે જ ગુલાબદાસમાં વિરહાગ્નિ પ્રકટ થઇ ગયો અને તેજ સમયે ભૌતિક દેહનો ત્યાગ કરી લીલા ધામમાં તેમનો પ્રવેશ થઇ ગયો. આ પ્રસંગથી પુષ્ટિ જીવ ગમે તેવી હિન સ્થિતિવાળો હોય છતાં પ્રભુ તેને છોડતા નથી. તેનો ઉદ્ધાર કરી લીલા ધામમાં જ પ્રવેશ કરાવે છે. ગુલાબદાસ કરતા વધારે હિન અવસ્થા પટેલનો દિકરો અને પટવારીની દિકરી કે જે બન્ને પ્રેત બન્યા હતા તેનો પણ શ્રી ગુસાંઇજીએ ઉધ્ધાર કરી લીલા ધામમાં તેમના આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરાવી તુલસી

કુંજમાં તેમનો પ્રવેશ કરાવી દીધો. રાજનગરના શેઠ તેમની લૌકિક વાસનાથી ગટરનો કીડો થયા હતા તેમનો ઉધ્ધાર કરી શ્રી યમુનાજીની કુંજમાં પ્રવેશ કરાવ્યો. આમ ચોરાશી બસો બાવનમાં હિન અવસ્થાવાળા દૈવી જીવોના ઉધ્ધારના અનેક ચરિત્રો છે. પુષ્ટિ પ્રભુ પોતાના અકર્તુમ સામર્થ્યથી પુષ્ટિ જીવોનો ઉધ્ધાર કરી તેનો લીલા ધામમાં જ પ્રવેશ કરાવે છે.

પુષ્ટિ પ્રભુનું ભૂતલ પધારવું નિઃસાધન જનોના ઉધ્ધાર માટે જ છે. જયારે નિઃસાધન પોતાના જનોના ઉધ્ધાર માટે જ ભૂતલમાં પ્રભુ પ્રકટ થયા છે તો પછી સાધનની અપેક્ષા કેમ રાખે ? અને સાધન ની જો અપેક્ષા રાખે તો બીજા મર્યાદા વાળા અવતારોમાં અને પુષ્ટિ પ્રભુમાં કાંઇ તારતમ્ય રહ્યુ નહી. પુષ્ટિ પ્રભુ સર્વ ભગવદ્ અવતારોથી શ્રેષ્ઠ છે. તેથી પોતાની શ્રેષ્ઠતાને સિધ્ધ કરવા પુષ્ટિ જીવોના સાધનની અપેક્ષા રાખ્યા વગર જ તેનો ઉદ્ધાર કરે છે. તેથી પુષ્ટિ જીવોએ પોતાના સ્વામી પુષ્ટિ પ્રભુના સામર્થ્યનો વિચાર કરી નિશ્ચિંત રહેવું. અને શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઅનુસાર પોતાનું કર્તવ્ય સમજી સેવા-સ્મરણ-ગુણગાન જે બને તે સાધનોમાં તત્પર રહેવું. પ્રભુ સાધનની અપેક્ષા રાખતા નથી તેમ માની સાધનોને છોડી ન દેવા. કારણ કે પ્રભુની ઇચ્છાને આપણે જીવો સમજી શકતા નથી. તેથી આપણું કર્તવ્ય સમજી સેવા-સ્મરણ કે ગુણગાન-ધ્યાનના સાધનો કરતા જ રહેવા. પુષ્ટિ માર્ગમાં સેવા-સ્મરણ-ગુણગાન ઇત્યાદિ સાધનરૂપ પ્રભુ પોતે જ થઇ જાય

છે. સેવા-સ્મરણાદિ હું કરતો નથી પ્રભુ કરાવી રહ્યા છે. આવો ભાવ રહેવો તેને પણ નિ:સાધનતા કહેવાય છે.

શ્રી મહાપ્રભુજી સર્વ નિર્ણય નિબંધ કારિકા૨૪૦માં આજ્ઞા કરે છે-

'યથા યથા હરિ કૃષ્ણો મનસ્યા વિશતે નિજે ।
તથા તથા સાધનેષુ પરિનિષ્ઠા વિવર્ધતે ॥'

-અર્થાત જેમ જેમ હરિનો મનમાં (હૃદયમાં) આવેશ થાય છે તેમ તેમ સેવા-સ્મરણાદિ સાધનોમાં નિષ્ઠા વધતી જાય છે. આ કથનનું તાત્પર્ય એજ છે કે પ્રભુ પોતે સેવા સ્મરણાદિ સાધનરૂપ બની દૈવી જીવને પોતાની સન્મુખ રાખે છે પુષ્ટિ માર્ગમાં '**ફલ**' પ્રભુનું સ્વરૂપ કહેવાય છે. તે ફલરૂપ પ્રભુજ પોતાની પ્રાપ્તિ કરાવવા સેવા-સ્મરણાદિ સાધનરૂપે થઇ જાય છે. પુષ્ટિ માર્ગ એને કહેવાય છે કે જેમાં સાધન અને ફલની અભેદતા હોય.

-: નિષ્કર્ષ :-

પુષ્ટિ પ્રભુની મર્યાદા નિ:સાધન જનોના ઉધ્ધારની છે અને નિ:સાધન બનાવવા માટે જીવમાં અનેક પ્રકારના દુ:ખો ઉત્પન કરે છે. અને અનેક પ્રકારના દુ:ખોથી જીવ જ્યારે નિ:સાધન બને છે. ત્યારે તેનામાં દીનતા આવે છે,અને ધર્મી સ્વરૂપને શરણે જાય છે. શરણે આવેલાને અભયતાનું દાન કરવું. એવું પ્રભુનું વ્રત-બીરદ છે. તેથી પ્રભુ આ દીનતાવાળા જીવના હૃદયમાં પ્રકટ થઇ જાય છે.

અને હૃદયમાં પ્રકટ થતા ત્રિવિધ માયાનો પ્રલય કરી,અથવા ત્રિવિધ માયાના બંધનોમાંથી મુક્ત કરી,તેને અલૌકિક દેહ પ્રાપ્ત કરાવી,લીલા ધામમાં પ્રવેશ કરાવીને, પોતાના સ્વરૂપમાં રહેલા અગણિત આનંદનો અનુભવ કરાવે છે. લીલા ધામમાં પ્રવેશ-તેનું નામ અભયતા છે. અને લીલા ધામમાં પ્રવેશ થયા પછી અગણિત આનંદનો અનુભવ કરવો તેનું નામ '**અતિશય અનુગ્રહ**' છે.

-: નમ્ર નિવેદન :-

મહાનુભાવ શ્રી દયારામભાઈના આ પદનું વિવરણ વાણીના પતિ શ્રી મહાપ્રભુજીની કૃપા- પ્રેરણાના બલે જ થયું છે. તેમ છતાં '**જીવા સ્વભાવો દુષ્ટા**' આપશ્રીની આજ્ઞા અનુસાર જીવ સ્વભાવે મારી ચંચલ બુદ્ધિમાં શ્રીમદાચાર્ય ચરણના સિદ્ધાંતોથી અનુચિત કથાયું હોય તો આ પદનું અવલોકન કરનારા ઉદાર હૃદયવાળા મહાનુભાવો ભગવદીયો મને (લેખકને) પોતાનો જાણી ક્ષમા કરે.

....

....

ભગવદી ! દુઃખ માં ધરશો રે, ધીરજ ધરી ભજતા ઠરશો ।
દુઃખ માં ધરશો કૃષ્ણ સ્મરસો, તો ભવ દધિ સદ્ય તરશો ॥
ગુણ ઘણો છે દુઃખ સહ્યામાં, કરવો એમ વિચાર ।
નહિ તો ભક્તનું દુઃખ કેમ સહે, સમર્થ કરૂણાગાર ॥
સકલ પાપ સંતાપ નિવારે, એક હરિનું નામ ।
હરિ રટાય નિત્ય તદપિ મટે નહિં, તો ગમતું ઘનશ્યામ ॥
માયા મોહ વધે સુખ પામેં, વિષય વિષે મન ચકચુર ।
કૃષ્ણ પાસે દુઃખ કુન્તાએ માગ્યું, દુઃખમાં હરિ નહીં દૂર ॥
તે જ કુસંગ જે હરિને ભૂલાવે, સ્મરાવે તે સત્સંગ ।
સુખ ભૂલાવે ને દુઃખ સ્મરાવે, માટે ન કરે હરિ ભંગ ॥
લૌકિક કલેશ અંગીકૃત લક્ષણ, મેળવે શ્રી વ્રજરાય ।
શ્રી હરિરાયજીનું વાકય વિલોકો, શિક્ષાપત્રમાં ગાય ॥
કોને મલ્યા કૃષ્ણ કષ્ટ પામ્યા વિના, સાંભળો શાસ્ત્ર પ્રમાણ ।
વિપત પડે તોયે હરિ ન વિસરે, તેને ગણે હરિ પ્રાણ ॥
સુખ આવે છકી નવ જઇએ, દુઃખ આવે નહીં ડરીયે ।
આપણાથી અધિકા જોઇને, ગર્વ કલેશને હરીયે ॥
તપે ટીપાય કનક, સહે મોતી છેદ, તજે ન ઉજાસ રે ।
તો મહિપતિ મન ભાવે ભૂખન, આપે હૃદય પર વાસ ॥
અંતરજામી નથી રે અજાણ્યા, વળી વહાલા પોતાના દાસ ।
‘દયાપ્રીતમ’ માટે સારૂં જ કરશે, રાખજો દઢ વિશ્વાસ ॥

લગન ઈન નયનનકી બાંકી ।
દેખેહી દુઃખ બિન દેખેહી દુઃખ, પીર હોત દુહુઘાકી ॥
ટારી ન ટરત જાય બિન દેખે, જીહી ફબત હે સાકી ।
'રસિકરાય' પ્રિતમ મન અટકયો, કહૂં લગત નહીં ટાંકી ॥

,,,

શ્રી વલ્લભ વરકો મારગ બાંકો ।
તામેં ચલે રસિક વિરહીજન બિચમેં કઠીન પ્રેમકો નાકો ॥
ક્ષણું ક્ષણુ પ્રાણ અકોર દેતહે તોઉ નહીં સંતોષ હીયાકો ।
'રસિકદાસ' શ્રી વલ્લભવર, હે ફલરૂપ વિરહ જીન જાકો ॥

,,,

હોં શ્રીવલ્લભજાુકી બલિહારી ।
સબહીનકોં વચનામૃત સિંચત, હે અંતર દુઃખહારી ॥ ૧ ॥
નવનિકુંજ મંદિરકી લીલા, નિત્ય વિહાર વિહારી ।
'રસિક' જનકી પુરી આશા, સદા હોં દાસી તિહારી ॥ ૨ ॥

નિરાલા-પ્રેમ-પથ

ચાહેગા રહેના અંધા, મુખ નહીં દેખે અવરકા ।
સોતા હૈ બાણ શૈયાપે, સંગ નહીં સુહાતા કીસીકા ।।

રૂચતા હૈ મૌન રહેનેકા, બાત નહીં કરેગા પરસે ।
ન્યોછાવર પ્રાણકી કરકે, સંગ નહીં છોડે પ્રીતમસે ।।

તડફતા રહેતા હૈ નિશદીન, તદપિ સુખ ચાહે સ્વામીકા ।
મર મર જીનેકું શિખા, તજેગા સ્વાદ વિષયકા ।।

ઔરનસે તોડેગા નાતા, સદા ધ્યાન રહે વાલમકા ।
પ્રિયમય વિશ્વ બનાકર, તહાં વાસ કરે સદાકા ।।

દિવ્ય દુનિયામેં રહેકર, આનંદ લૂટેગા અનંતકા ।
દિવાની 'મધુ' ઇનમેં ડૂબેગી જો સખા હે તિનકા ।।

દિવ્ય પ્રેમ પથ શૂરાઓ માટે જ

ભક્તિ નગરની પ્રેમ ગલીમાં, વલ્લભ વહાલો રહે છે રે ।
ડહાપણ ડાહ્યાનું રજ ન ચાલે, ઘેલાને દર્શન દે છે રે ।।

વલ્લભનું ઘર વાંકુ-ચુંકુ, જટ પટ હાથ ન આવે રે ।
વલ્લભી વિના મારગ ન સુજે, ભોમીયા પંથ બતાવે રે ।।

શ્રદ્ધા અને વિશ્વાસ બે સંગી, સાથે લઇને જાજો રે ।
સંકટ પડે તો સામનો કરજો, મનમાં નવ મુંજાશો રે ।।

લોભ મોહની ખાઇ ભયંકર, ધીરજથી કૂદી જાજો રે ।
કામ-ક્રોધના કીલ્લા બે મજબુત, જીતી આગળ ધાજો રે ।।

તૃષ્ણા રૂપી એક કૃત્યા ઉભી, ભલા ભલાને ખાતી રે ।
નામ સ્મરણનું હથીયાર રાખજો, મજબુત રાખજો છાતી રે ।।

માથા સાટે મિલન વલ્લભનું, જેવા તેવાનું નહીં કામ રે ।
મારા તારાની મુકે માથાકુટ, પહોંચે તે નિજધામ રે ।

પ્રેમ શૂરા પડે ન પાછા, સામો મોરચો માંડે રે ।
વલ્લભ રૂપના ઘેલા ભગતડા, માયાની મહોબ્બત મૂકે રે ।।

તાદૃશી વૈષ્ણવના લક્ષણો

તાદશીજન તેને જાણીએ રે, જેમાં એવા ગુણ હોય રે
નિંદાસ્તુતિ ના કરે કોઈની, સઘળે સમદ્રષ્ટે જોય રે
દર્શન કરતાં માત્રમાં રે, ભૂલાયે પ્રપંચનું ભાન રે
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાડે અઘ અજ્ઞાન રે
સકળ ચરાચરને વિષે રે, વસ્યા દેખે ભગવાન રે
શુભ ઈચ્છે સરવ જગતનું, લેશ નહિ અભિમાન રે
ગુણ ગાતાં ગોવિંદના રે, પુલકિત તનુ થાય રે
નેત્રે પ્રવાહ વહે પ્રશ્નના, હરખે હૃદય રુંધાય રે
પર દુઃખે દાઝે ઘણું રે, કરે કોઈનો ના દ્રોહ રે
ઈંદ્રિયજિત સાચા સદા, ના પામે માયામાં મોહ રે
અકળ લીલા નંદલાલની રે, તેમાં લગ્ન જેનું મન રે
પ્રીત બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન રે
નટવર ઝળકે નેત્રમારે, કાંતિ કરુણામય હોય રે
શાંત સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઈના ન જોય રે
વહાલા લાગે સહજે સર્વને રે, અતિ ઉદાર જેનું ચિત્ત રે
અનન્ય ભાવ ભજે કૃષ્ણને, જેને વહાલું નહિ વિત રે
હરિ, ગુરુ, વૈષ્ણવને વિષે રે, જેને સદા અતિ વહાલ રે
દ્રઢ વિશ્વાસ, અતિ દીનતા, બોલે વચન રસાલ રે
સેવા, સ્મરણ, સત્સંગમાં રે, જેની આસકિત અતિ રે
કપટ તો લેશ નહિ હૃદે, હરિ ચરણે સદા મતિ રે
વ્યસનાવસ્થા વિઠ્ઠલે શું રે, સદા મુખે કૃષ્ણ નામ રે
તે ભગવદીય તણા દાસનો, સદા દાસ દયારામ રે

'શ્રી વલ્લભ તજ અનત ન જાઉ'

શ્રી વલ્લભ તજ અનત ન જાઉ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
ઉઠત શ્રીવલ્લભ બેઠત શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
જાગત શ્રીવલ્લભ સોવત શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
ગાઉં શ્રીવલ્લભ ધ્યાઉં શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
ધર્મ શ્રીવલ્લભ અર્થ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
કામ શ્રીવલ્લભ મોક્ષ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
જ્ઞાન શ્રીવલ્લભ ધ્યાન શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
ભકિત શ્રીવલ્લભ મુકિત શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
સંન્યાસ શ્રીવલ્લભ વૈરાગ્ય શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
વિવેક શ્રીવલ્લભ ધૈર્ય શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
લોભ શ્રીવલ્લભ વાસના શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
સાધન શ્રીવલ્લભ ફલ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
દાન શ્રીવલ્લભ સ્નાન શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
કર્મ શ્રીવલ્લભ યજ્ઞ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
વ્રજ શ્રીવલ્લભ તીરથ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
જપ શ્રીવલ્લભ તપ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
પ્રેમ શ્રીવલ્લભ નેમ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
આસકિત શ્રીવલ્લભ વ્યસન શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
પતિ શ્રીવલ્લભ રતિ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
મતિ શ્રીવલ્લભ ગતિ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
આનંદ શ્રીવલ્લભ પરમાનંદ શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
શરણ શ્રીવલ્લભ આશ્રય શ્રીવલ્લભ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
શ્રીવલ્લભ તજ અનત ન જાઉ   શ્રી વલ્લભ તજ અનત ન જાઉ

……

કરૂ શ્રી વલ્લભજુકી આસ
દેત કૃષ્ણ પ્રેમદાન રહત ચરણન કી પાસ ।। ૧ ।।
ડૂબ્યો રહ્યો હું વિષમ માયા સાગરમેં
ઉબાર લેત અપનો જાનકે એકહી છીનમેં ।। ૨ ।।
ઐસો અનમોલ સુધારસ છાંડી ઔર કયું ધાવે
પ્રાણ વલ્લભ શ્રી વલ્લભ મેરે બાર બાર મોહી બુલાવે ।। ૩ ।।

....

શ્રી વલ્લભ તજ અનત ન જાઉ
યેહી કામના યેહી ચાહના
યેહી વ્યસન ચીત લાઉ
ધ્યાન ધરૂ શ્રી વલ્લભ પદ
ચરણ સરોવર પાઉં
વલ્લભાઓં કે મધ્ય વલ્લભ કો
નિતહી યશગુન ગાઉ

....

અબતો શ્રી વલ્લભ બિન કછુના સુહાય
બીન દેખે શ્રી વલ્લભ માધુરી છીન એક કલ્પ બિહાય ।। ૧ ।।
કરી કરૂણા અબ દરસ દીખાવો દાસકો અપનો બનાય
શ્રી વલ્લભ બિન સબ જુગ જુઠો
દાસકો બેગહી લીજે બુલાય ।। ૨ ।।

....

સહજ પ્રીત વલ્લભજુ ભાવે ।।
સહજ પ્રીત વલ્લભજુ ભાવે ।।
સહજ પ્રીત ચાતક ઓર સ્વાતે
સહજ પ્રીત વલ્લભ દમલે ।। ૧ ।।
સહજ પ્રીત પ્રભુદાસ જલોટે
સહજ પ્રીત રજો શ્યામ દાસે ।।
સહજ પ્રીત મહાપતિ જનાને ।।
સહજ પ્રીત વલ્લભ દાસી દાસે ।। ૨ ।।

……

શ્રી વલ્લભ બિન કૈસે જીજે
શ્રી વલ્લભ પદ બીન ઔર રસ કૈસે પીજે ।। ૧ ।।
છીન છીન પ્રાણ અકોર દેત હૈ નૈન નિરંતર ભીજે
શ્રી વલ્લભ દમલા ઉરવાસી રૂપ સુધારસ પીજે ।। ૨ ।।
ભાવ દૈન્ય ધ્યાન ગાન શ્રી વલ્લભ કોહી કીજે
દમલા શ્રી વલ્લભ સકલ સમાજ અપનો કરકર લીજે ।। ૩ ।।

……

કલિજુગ સબ જુગતે અધિકાઈ ।
જા જુગમેં પ્રગટે જગ શીતલ શ્રીવલ્લભ સુખદાઈ ।।
જો કોઉ શરન જાય હે ઈનકે તાકી કરત સહાઈ ।
દાસ શરન હરિ વાગધીશકી ચરણ રેણુ નિધિ પાઈ ।।

……

શ્રી વલ્લભ પ્રાણ જીવન ધન મેરે
કહા કરે રસના બખાન અદભૂત રૂપ છબી કેરે ।। ૧ ।।
દમલા કે અતિ પ્યારે વલ્લભાઓ સબ ઘેરે
નિગુઢ લીલાકો રસ ચાખત બાટત સબ ચેરે ।। ૨ ।।
ઐસી નિધી છાંડી કયો ફીરત ભવફેરે
યેહી પ્રભુ યેહીનાથ યેહી શ્રી વલ્લભ મેરે ।। ૩ ।।

……

હો શ્રી વલ્લભ કે ચરન કમલ કે ચેરી
કબહુ ચિત્ત ઈત ઉતના ભટકે
ઈતની અરજ હે મેરી ।। ૧ ।।
કરી કૃપા દરસ દીખાવો કયો કરત અબ દેરી
તુમ તો મેરે પ્રાણ જીવન ધન સર્વસ્વ કીનેરી ।। ૨ ।।
રસ રાસ સાગર નાર તાત્પર્ય રાસ લીલા કેરી
તો જુ રંક દાસી હે તેરી રહોઈન ચરણ નમે મતીમેરી ।। ૩ ।।

……

વંદો શ્રી વલ્લભ રાજ હમારો
શ્રી વલ્લભ પ્રાણ પીયારો, લોચન હી કો તારો ।। ૧ ।।
રાસ વિલાસ અનેક લીલા, બ્રજહીકો રખવારો
વૃજવનિતા કે પ્રાણ વલ્લભ યશ ગાવત યુથ ચારો ।। ૨ ।।

……

શ્રી વલ્લભ રાજે રાસમંડલ માંહી ાા
હૃદય પુલિન અંતઃ બંસીબટ
રોમ કદંબ કી છાંહી ાા ૧ ાા
અનન્યતા અંબર ભાવ ભૂષણ
વિપ્રયોગ કી ગલબાંહી ાા
સર્વાત્મકી શીશ બેની સોહે
પ્રતિ બિંબિત દીનતા દર્પણ માંહી ાા ૨ ાા
મત મયુર નાચે મન મધુર
દેખી રૂપ ભર્યો ઠાંહી ાા
લે ચલ સખીરી વે વૃંદાવન
શ્રી વલ્લભ ચરણ સરોવર જાંહી ાા ૩ ાા

……

શ્રી વલ્લભ આગે નાચુંગી ાા
નાચ નાચ પિય વલ્લભ રીઝાઉં
નિત હી ઝુઠન જાચુંગી ાા ૧ ાા
સાજ સર્વાત્મ પ્રેમ ઘુંઘરૂ,
ગાન સર્વોતમ ગાઉંગી ાા ૨ ાા
ભાવ દૈન્ય રાગ તાપકો
રોમ રોમ બલ જાઉંગી ાા ૩ ાા

……